# સહજ-સત્સંગ

અંક : ૨૭૮ વર્ષ : ૨૩ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ફેબ્રુઆરી - ૨૦૧૨





# મા મીરાંબિકા

It is in proportion to our trust in the Divine that the
Divine Grace can act for us and help.

- The Mother

## શ્રદ્ધાનું પરિણામ

ભાવાનુવાદ

**શ્રદ્ધા જેટલી દિવ્ય તત્ત્વ પર,**
**તેટલી પ્રભુકૃપા અવતરણ કરે,**
**જીવનમાં તે સક્રિય બને,**
**ને મદદ કરી વિપદા હણે.**

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨, ઑગસ્ટ ૧૯૧૪)



આ કયા શક્તિશાળી દેવો છે જેમનો પૃથ્વી ઉપર આવિર્ભાવ થવાનો સમય આવી ગયો છે? શું તેઓ તારી અનંત ક્રિયાશક્તિનાં ભિન્ન ભિન્ન - સ્વરૂપો નથી?

..... સૂર્યનાં આ અસંખ્ય કિરણો જે સર્વ રૂપોને પ્રકાશિત કરે છે, ધારણ કરે છે અને તેમનું ઘડતર કરે છે; તે શું તારા અનંત સંકલ્પોમાંનો - એક પ્રકાર નથી?

અને આ મનોમય-શક્તિઓ અને પ્રાણમય-શક્તિઓ અને પાર્થિવ તત્ત્વો પણ તારા આવિર્ભાવ અને સિદ્ધિના છેવટના પ્રકાર સિવાય બીજું શું છે?

તું અમારી અંદર પ્રવેશ કરતો, જીવન અર્પતો અને દોરતો હોવા છતાં અમારી પકડમાં આવતો નથી....

તું જ અમારા નાનામાં નાના કાર્યોમાં સિદ્ધ થએલો હોય છે.....

તારી અસરકારક હાજરીમાં..... સર્વ કાંઈ ખીલી ઊઠે છે!

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુની અનંત ક્રિયા - શક્તિ) | ૧ |
| **આળસ** | ૫ |
| **માતૃવાણી** (શરીર બહાર જવાના અખતરા) | ૭ |
| **સાવિત્રી** (દિવ્ય રૂપાંતરની ચાવી) | ૧૧ |
| **યોગ વિષે પત્રો** (વિરોધી બળો અને તેના કાર્યો) | ૧૫ |
| **પૂર્ણારવિન્દાય નમો નમસ્તે** | ૧૮ |
| **વેદવિજ્ઞાન** (સાધનામાં અવચેતનના ખેલ) | ૨૦ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ભૌતિક જીવન અને પારલૌકિક જીવન) | ૨૨ |
| **યોગ પર દીપ્તિઓ** (નીરવ બ્રહ્મ - પહેલી મજલ) | ૨૪ |
| **વેદનું રહસ્ય** (માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા) | ૨૬ |
| **સાંજના વાર્તાલાપો** (યોગમાં યશસ્વી થવાની શરતો) | ૨૯ |
| **ભાવિ - સમાજ** (એક નૂતન સમાજનું ઘડતર) | ૩૧ |
| **પૂર્ણયોગ અને બીજા માર્ગો** (શંકરાચાર્ય અને શ્રી અરવિન્દ) | ૩૪ |
| **વેદ-વિજ્ઞાન** (અક્ષર-પુરુષનો સ્વભાવ) | ૩૯ |
| **ઉપનિષદોનું અમૃત** (ઇન્દ્ર વિદ્યા) | ૪૦ |
| **સર્વાંગી આરોગ્ય** (પ્રભુકૃપાનું કાર્ય) | ૪૨ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (નિરાધાર ભ્રમ શક્ય નથી) | ૪૫ |
| **સુંદર કથાઓ** (મોહે ચાકર રાખોજી) | ૪૬ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (શું સ્વાતંત્ર્ય અને શિસ્ત પરસ્પર વિરોધી છે ?) | ૪૭ |
| **આગામી-ભાવિ** (નૂતન પ્રયોગ) | ૪૮ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૮ વર્ષ : ૨૪
ફેબ્રુઆરી - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુની અનંત ક્રિયા-શક્તિ

(પૃ.૧૫૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુને અનંતરૂપે પ્રગટ થવું છે તે માટે તેમણે અનંત સ્વરૂપની ક્રિયાઓને વહેતી મૂકી છે. તેમને આગળ ધપાવનાર ક્રિયાશક્તિઓ પણ અલગ-અલગ છે હવે તે ક્રિયા-શક્તિઓએ વિવિધ બાળકોસ્વરૂપે જન્મ લઈ પોતપોતાનું નિયત કાર્ય જોરશોરથી પૂરો કરવાનો સંકલ્પ કરેલો છે. આ જ તે દિવ્ય-બાળકો છે જેને માતાજી અહીં શક્તિશાળી દેવો તરીકે જણાવે છે.

આજે જગતમાં વિચક્ષણ સંશોધનોનો જાણે રાફડો ફાટ્યો છે. આની પાછળ એક દિવ્ય-શક્તિ કાર્ય કરે છે, જેને વેદો 'સવિતૃ' કહે છે અને શ્રી અરવિન્દ સાવિત્રી કહે છે; તેને માતાજી અહીં 'સૂર્ય' તરીકે ઉલ્લેખે છે. તેમાંથી જે સર્જનાત્મક શક્તિનાં અનંત વહેણો વહે છે તેના જ પરિણામરૂપ આ બધાં આશ્ચર્યજનક સંશોધનો છે. આ સવિતૃ-શક્તિ, સાવિત્રી જ અનંત વ્યક્તિરૂપોને ધારણ કરે છે, તેમને પોષણ આપે છે. તેમને પ્રભુના સંકલ્પાનુસાર ઘડીને ઘાટ પણ આપે છે. ઉપર જણાવેલાં બાળકોને ઘડવાનું કાર્ય પણ આ જ શક્તિ કરે છે.

સવિતૃ-શક્તિ પણ પ્રભુની મૂળ-સર્જન શક્તિ નથી. બ્રહ્માંડમાં અનંત સૂર્યો છે અને દરેકની પોતાની ખાસ સાવિત્રી - શક્તિ છે. સારાંશ, આપણા આ સૂર્યકુળની સાવિત્રી શક્તિ એ મૂળ આદ્યાશક્તિ નથી પણ તેનું એક વિશિષ્ટ સ્વરૂપમાત્ર છે. તે પ્રભુના અનંત સંકલ્પો પૈકી એક સંકલ્પને સાકાર કરનારી અનેક પૈકી એક એવી સર્જન-શક્તિ છે.

તેના જ નિમ્ન સ્તરનાં સ્વરૂપો એટલે મનોમય-શક્તિ, પ્રાણમય-શક્તિ અને પાર્થિવ-શક્તિ છે. ભૌતિક વિશ્વને રચવા માટે આ સાવિત્રીનાં જ વિવિધ નિમ્ન સ્વરૂપો કાર્યરત છે, તે જાણે સાવિત્રીનાં છેવાડેનાં રૂપો છે.

પ્રભુ પોતે જ ખરેખર તો સવિતૃ-શક્તિનું રૂપ લઈને આપણામાં પ્રવેશે છે. અંતર્યામી થઈ આપણને આધાર આપે છે અને ઘડે છે પણ આપણે આ બધું પ્રભુ

કરી રહ્યાં છે તે બાબતમાં સભાન ન હોવાથી તેની હાજરીને પકડી શકતા નથી. ખરેખર તો એક શ્વાસ લેવાની ક્રિયા એ પણ પ્રભુનું જ સંચાલન છે. આ સાચી વાસ્તવિકતા છે.

માતાજી વિનવે છે કે પ્રભુ, તારી હાજરી અમે અનુભવતાં શીખીએ અને એ હાજરીમાં જ આપણા સ્વરૂપનાં તત્ત્વો ખીલતાં રહે એવી તેમની અપેક્ષા છે, જે વાસ્તવિક છે. તેને જ જાણવાની આ અપેક્ષા છે.

*************

(વેદોમાં એક વાક્ય છે : નૂનં જનાઃસૂર્યેણ પ્રસૂતાઃ - ખરેખર લોકોનો આવિર્ભાવ સૂર્યમાંથી જ થએલ છે. સૂર્યની બે શક્તિ છે :

(૧) પ્રવર્ગ્ય શક્તિ અર્થાત્ સર્જનશક્તિ સાવિત્રી

(૨) બ્રહ્મૌદન શક્તિ અર્થાત્ જ્ઞાનશક્તિ ગાયત્રી. ગાયત્રીથી જે સાચી સમજણ મળે છે તેથી તે પ્રક્રિયાને પોષણ મળે છે. ઓદનનો અર્થ છે પોષણ આપવું, ખીલવવું.

આ પ્રક્રિયાનું વર્ણન નીચેના મંત્રોમાં જણાવેલ ગૂઢ પ્રક્રિયારૂપે થતી વર્ણવેલ છે :

આ કૃષ્ણેન રજસા વર્તમાના નિવેષયન્ અમૃત્યું ચ ।
હિરણ્યેન સહિતા રથેન દેવોયાતિ ભુવનાનિ પશ્યન્ ॥

નીલ પ્રકાશના પરમાણુ દ્વારા (આકૃષ્ણેન રજસા) કાયમી સ્વરૂપે સ્થિર થવા માટે (અમૃત્યુચ વર્તમાનો) પ્રવેશીને (નિવેષયન્) તે રહે છે તે ચેતના શારીરિક કોષોરૂપી રથને (રથેન) સુવર્ણમય પ્રકાશથી ઝળહળતો કરી (હિરણ્યેન સહિતા) દિવ્ય કરી મૂકે છે. (દેવોયાતિ) આવો સભાન બનેલો શારીરિક કોષ તે પછી પોતે જે શરીરમાં પ્રવેશેલો છે તેના પોતાના જેવા અસંખ્ય શારીરિક કોષરૂપી જગતના બનેલા શરીરને અનુભવવા માંડે છે (ભુવનાનિ પશ્યન્)

**Sponsorship**

This issue is sponsored by

**RAVINDRA & TARLIKA PATEL OF U.S.A.**

# આળસ

- જ્યોતિબહેન થાનકી

(ભાગ - ૨)

**(ગતાંકથી ચાલુ)**

## આળસથી સર્જાતા માઠાં પરિણામો

આળસુ માણસ પોતાના જીવનમાં કશું પણ પ્રાપ્ત કરી શકતાં નથી. દરેક મનુષ્યની સમક્ષ અનંત શક્યતાઓથી ભરેલું જીવન હોય છે. ઘણા મનુષ્યો પોતાના સંકલ્પ અને પુરુષાર્થથી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, પરંતુ આળસુ મનુષ્યો એક ડગલું પણ આગળ વધતા નથી. જાણે આળસની તોતિંગ બેડીઓએ એમના હાથ-પગને જકડી રાખ્યા ન હોય ! કે તેમને હાથ-પગ હલાવતાં ય જોર પડતું હોય છે. તો પછી એવા જીવનમાં વિકાસ ક્યાંથી થાય ? પણ એમ છતાં જીવન જીવવા માટે તો કેટલાંક કાર્યો અનિવાર્યપણે કરવાં જ પડતાં હોય છે. આ કાર્યો પણ તેઓ જેમતેમ કરતાં હોય છે. આ વિશે શ્રીમાતાજી કહે છે કે, ''જો તમે આળસુ હશો, તો તમારે તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડશે. આળસુ લોકોને જીવનમાં બીજાંઓ કરતાં દશ ગણું વૈતરું કરવું પડે છે, કારણ કે તેઓ દરેક કામ ખરાબ રીતે કરતા હોય છે; તેથી તેમને એ કામ ફરી-ફરીને કરવું પડે છે.'' વળી, આળસને પરિણામે માણસની આંતરિક શક્તિઓ વિકસતી નથી અને વૈશ્વિક શક્તિઓ પણ તે મેળવી શકતો નથી. માણસ કોઈ પણ કામ કરે તો તેને કામ કરવાની શક્તિ મળે છે. તેનામાં ઉત્સાહ આવે છે. પ્રસન્નતા આવે છે. શરીર સ્ફૂર્તિલું બને છે. શરીરમાં લોહીનું ભ્રમણ વધે છે. વિચારશક્તિ સક્રિય બને છે. આળસુ માણસ આમાંનું કંઈ જ પ્રાપ્ત કરી શકતો નથી.

## આળસ - અસ્તિત્વના બધાં જ સ્તર પર

આળસુ લોકો પાસે કંઈ કામ કરાવવું હોય, તો તેમને એક આંતરિક ધક્કો મારવો પડે છે. એમની આળસનેં ઝાટકા મારીને ખંખેરવી પડે છે, અથવા તો તેમને મઝા પડે એવી બાબત તેમની પાસે મૂકવી પડે છે, પછી તેઓ પ્રયત્ન કરવા તૈયાર થાય છે. એ લોકોમાં રહેલા તમોગુણને ઝટકોરવો પડે છે. શ્રીમાતાજી આ વિષેનું એક દૃષ્ટાંત આપે છે, ''મને યાદ છે કે ઘણા સમય પહેલાં જ્યારે હું કેટલાક યુવાનોની વચ્ચે રહેતી હતી, ત્યારે એક વખત તેઓએ મને પૂછ્યું હતું: ''જ્યારે - જ્યારે તમારે ઊભાં થવું હોય, ત્યારે તમે કઇ રીતે ઊભાં થાઓ છો ?'' મેં પૂછ્યું : ''કેમ ? એમાં કંઇ મુશ્કેલી ઓછી છે ? આમ કૂદકો

મારીને ઊભા થઈ જવાનું.' આ સાંભળીને તેઓને આશ્ચર્ય થએલું ! પછી તેઓએ કહ્યું, 'અરે અમારે તો ઊભા થવું હોય તો આમ સંકલ્પ કરવો પડે છે અને પછી જ અમે ઊભા થઇ શકીએ છીએ.'' એમનો આવો જવાબ સાંભળીને મને ભારે આશ્ચર્ય થયું ! મેં મારી જાતને કહ્યું : ''આવું તે કઇ રીતે બનતું હશે ? આપણે જ્યારે ઊભા થવાનું નક્કી કરીએ છીએ, ત્યારે ઊભા થઈ જ જઈએ છીએ. પણ ખરી વાત તો એ હતી કે એ યુવાનના શરીરોમાં સંકલ્પ મૂકવાની જરૂર હતી. તેમને ધક્કો મારવાની જરૂર રહેતી હતી.'' એમનામાં તમોગુણ રહેતો હતો. તમસ એ જડ વસ્તુ છે. તમોગુણ એ મનોમય કે પ્રાણમય હોય એવું બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે, પણ આળસુપણું તો બધે જ હોય છે - શરીરમાં, પ્રાણમાં, મનમાં - આપણા અસ્તિત્વના બધાં જ સ્તર પર. એથી જ આળસથી ભરેલો માણસ કંઈ કરતો નથી.

## આળસ પર વિજય કેવી રીતે મેળવવો ?

આમાં સહુથી પહેલાં તો માણસને એ ખબર પડવી જોઈએ કે તેનામાં આળસ ભરેલી છે. એટલે કે આપણે આપણી પ્રકૃતિને જાણવી જોઈએ. તમોગુણથી ભરેલી પ્રકૃતિ હોય, તો તેમાં આળસ હોવાની જ. એ પછી આપણે એ પણ શોધી કાઢવું જોઈએ કે આપણી પ્રકૃતિના કયા - કયા ભાગો પર આળસનો પંજો વિસ્તરેલો છે. આને માટે તટસ્થપણે આંતરનિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

એ પછીનું પગથિયું છે, આળસને દૂર કરવાની આપણી અંદર ઇચ્છા પણ જાગવી જોઈએ. કોઇના કહેવાથી કે બળજબરીથી તેને દૂર કરવાનો પ્રયત્ન સફળ થતો નથી. પણ વ્યક્તિને પોતાને અંતરમાંથી થવું જોઈએ કે હવે આ આળસને ચલાવી નહીં શકાય. એ આંતરિક ઇચ્છા હોય તો પછી તેને દૂર કરવાના પ્રયત્નો આપોઆપ થવા લાગે છે. આ માટે શ્રીમાતાજી એક સરળ ઉપાય બતાવે છે : ''જો તમારી પ્રકૃતિ તામસિક પ્રકારની હોય, તો તમારે આ રીતે કરવું; જરાક ઢંઢોળો, જરાક સાટકો લગાવો અને કહો, ''આગે બઢો, ચાલો કૂચ કરો.'' જો તમને કસરત કરતાં આળસ અટકાવતી હોય, તો તમે કહો, જો તારે કસરત નથી કરવી તો કાંઇ નહીં, પણ તો પછી તારે દોડવું પડશે..... એ જ રીતે તમને કોઈ પાઠ શીખવવાનું કે ચોપડી વાંચવાનું ન ગમતું હોય, તો તમે એના કરતાં દશ ગણી અઘરી ચોપડી લો. કોઈ તદ્દન નિરસ વસ્તુ બને છે તે આહ્લાદક લાગે છે.'' આમ, સભાનપણે પ્રકૃતિ પર દબાણ મૂકીને, તેને ફરજ પાડીને, તમોગુણ પર વિજય મેળવી શકાય છે. શરીરમાંથી આળસને પણ દૂર કરી શકાય છે, પણ તેને માટે દૃઢસંકલ્પ અને ખંતભર્યો અવિરત પ્રયત્ન જરૂરી છે. એકવાર આળસને જીતી લીધા પછી પ્રગતિની કોઇ સીમા જ રહેતી નથી.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
## શરીર બહાર જવાના અખતરા

(માતૃવાણી - ૪) (૧૯ ફેબ્રુ. ૧૯૫૧) (પૃ.૧૪૪-૧૫૨)

પ્રકરણ - ૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પૃથ્વીના સ્મરણ-ભંડારમાં પ્રવેશ કરવા માટે અમુક પ્રકારની તાલીમની જરૂર હોય છે. પૃ.૧૪૪

૨ એ એક પ્રકારની ગુહ્ય - વિદ્યાની તાલીમ છે. પૃ.૧૪૪

૩ આપણે શરીરની બહાર નીકળ્યા છીએ તેની આપણને કેવી રીતે ખબર પડે ? (બાળક) પ.૧૪૫

૪ વ્યક્તિ જન્મજાત સૂક્ષ્મદર્શી હોઈ શકે છે. પૃ.૧૪૬

૫ એવા બે પ્રકારના લોકો છે, જેમને ધ્યાન કરવાનું કહેવામાં આવે છે અને જેમને ન કરવાનું કહેવામાં આવે છે. પૃ.૧૪૭

૬ કેટલીકવાર શરીરની બહાર (આપણા સ્વરૂપનો) જે ભાગ નીકળતો હોય છે તેની પાછળ ભૌતિક શરીર પણ આવે છે. પૃ.૧૪૭

૭ શરીરની પોતાની આગવી ચેતના પણ હોય છે. પૃ.૧૪૮

૮ એવા લોકો હોય છે કે નિદ્રાચરણની અવસ્થા દરમ્યાન અદ્‌ભુત વસ્તુઓનું લેખન કરે છે. પૃ.૧૪૮

૯ (અમુક લોકો) એમના માટે એમનું આંતરજીવન એમનાં બાહ્યજીવન જેટલું જ સાચું હતું. પૃ.૧૪૯

૧૦ આપણું શરીર..... છોડીને બહાર નીકળીએ ત્યારે બીજું કોઈ તેમાં

**પેસી જાય એમ ન બને ? પૃ.૧૪૯**

**૧૧ શરીરની બહાર જતાં પહેલાં..... એક ગુપ્ત પ્રકારનું સંરક્ષણ આપવું જોઈએ. પૃ.૧૫૦**

**૧૨ બહાર જાય છે તે ચૈત્યપુરુષ હોય છે કે ચેતનાનો કોઈ બીજો ભાગ ?**

**૧૩ શરીર બહાર નીકળે તો..... તેણે આપના તરફ દોડી જવા પ્રયત્ન કરવો જોઈએ. પૃ.૧૫૧**

પૃથ્વીના સ્મૃતિ-ભંડારમાં પ્રવેશવા માટે કઇ પ્રકારની તાલીમની જરૂર છે તેનો વિષય છેડવામાં આવ્યો. આ તાલીમ અઘરી છે અને ગૂઢવિદ્યાનો ભાગ છે. તેમાં નીચેની તાલીમ પ્રથમ લેવી પડે છે :

(૧) પોતાના ભૌતિક શરીરમાંથી નીકળી પોતાના સૂક્ષ્મશરીરમાં પ્રવેશીને ત્યાં જ રહેવું. (૨) પોતાના સંકલ્પને દૃઢ કરીને તે સફળ થાય છે તેની ખાતરી હોવી જરૂરી છે. (૩) ભયની લાગણી જરા પણ ન હોવી જોઈએ. (૪) અણધારી આફતમાં શાંતિથી સામનો કરવાની ટેવ હોવી જરૂરી. (૫) સતત અવિચળ રહેવાનો મહાવરો હોવો જોઇએ. (૬) માનસિક - સૂક્ષ્મ દૃષ્ટિ ખીલેલી હોવી જોઈએ. (૭) મન શાંત, નિષ્પંદ રહેવું જોઇએ. આ મહત્ત્વના મુદ્દા છે, બીજા પણ છે.

પછી સ્વેચ્છાએ શરીર બહાર નીકળવાની ટેવ પાડવી પડે છે.

બાળક પ્રશ્ન પૂછે છે કે આપણે શરીર બહાર નીકળ્યાં છીએ એ કેવી રીતે ખબર પડે ? માતાજી જણાવે છે કે પોતાના શરીરને તે અનાયાસે પથારીમાં કે અન્યત્ર શાંત પડેલું જોઇ શકે છે. પોતે ક્યાંક અંતરિક્ષમાં છે એવો ભાવ જાગે છે. ક્લોરોફોર્મ સૂંઘાડવાથી કોઇક અચાનક શરીર બહાર નીકળી જાય છે. એક બાઇને ઑપરેશન ટેબલ ઉપર ક્લોરોફોર્મ સૂંઘાડ્યું. તેને મોટેથી બોલીને વિચાર કરવાની ટેવ હતી. તે શરીર બહાર નીકળી ગઇ. તેને બધાં જ નર્સ, ડૉક્ટરોનાં મનના વિચારો જણાવા લાગ્યાં. તે ટેવ મુજબ દરેકના મનમાં શું છે તે મોટેથી

બોલવા લાગી. ડૉકટરો ઑપરેશન ભૂલીને આ અદ્‌ભુત ઘટના જોવામાં જ ગરકાવ થઇ ગયા. જ્યારે તે બાઈનો અવાજ ક્ષીણ થવા લાગ્યો ત્યારે ભાનમાં આવ્યા ને તેને માંડમાંડ વધારે ઑક્સિજન આપી હૃદયનું પમ્પિંગ કરીને બચાવી લીધી.

માતાજી પોતાની અનુભૂતિ કહે છે. તેઓ પૅરિસના ટ્રોકાડેરોના સભાખંડમાં ભાવતાં ભોજન લઈ બહાર બેઠા હતાં. તેમને અસ્વસ્થતા જણાઈ, તેથી બહાર નીકળી ગયા. રસ્તા પર આવતા જ બેભાન થઈ ગયાં ! માતાજી કહે છે : મારા શરીરને મેં કઢંગી હાલતમાં રસ્તા પર પડેલું ઉપરથી જોયું હતું.

આ માટે સૂક્ષ્મ-પાર્થિવ કે પ્રાણમય-પાર્થિવ સ્તરે આંતરદૃષ્ટિ ખીલેલી હોવી જરૂરી છે. ઘણા જણાને આ જન્મજાત ક્ષમતા હોય છે. માતાપિતાનો ગૂઢવારસો, ભૂતકાળના જીવનની ક્ષમતાઓ આવી ઘટના રચે છે. પણ જેમની દૃષ્ટિ ખીલી નથી તેમને તે ખીલવવા ખૂબ લાંબી ધીરજવાળી તાલીમ લેવી પડે છે. આ ક્ષમતા ચેતનાના વિકાસમાં મદદરૂપ પણ થાય છે.

આશ્રમમાં બે પ્રકારના સાધકો હતા. મનોમય-તત્ત્વ બળવાન હોએલાં અને પ્રાણમય-તત્ત્વ બળવાન હોએલાં. માતાજી પ્રથમ પ્રકારના માણસોને ધ્યાન કરવા કહેતાં. બીજાને ધ્યાન ન કરતાં ભક્તિભાવથી કર્મો કરવા કહેતાં.

બાળક પૂછે છે કે ઘણી વખત આપણા સ્વરૂપનો એક અંશ જ શરીર બહાર જાય છે અને તેની પાછળ સમગ્ર ભૌતિક શરીર ઢસડાય છે તેનું કારણ શું ?

માતાજી જણાવે છે કે શરીર પ્રત્યે તે અંશનું ખૂબ જ દૃઢ મમત્વ હોય તો તેવું થતું હોય છે. શરીરને પણ પોતાની ચેતના છે. પણ શરીરને ખૂબ જ થાક લાગવાથી તે ઘસઘસાટ ઊંઘી જાય છે ત્યારે પ્રાણમય, મનોમય ચેતના ઊંઘતી નથી. તે તત્ત્વો બહાર જાય તો શરીર પણ તેની પાછળ જાય છે. આથી નિદ્રામાં ચાલવાની નિદ્રાચરણી અવસ્થા નિર્માણ થાય છે. તેઓ ઊંઘમાં લેખન પણ કરી શકે છે. તારતિની સોનેટ કાવ્યો લખતો.

નિદ્રાચરણને ટાળવા ઊંઘતા પહેલાં દૃઢ સંકલ્પ કરો કે શરીર પથારીમાં જ સૂતું રહેશે, તો મન, પ્રાણ તેને પોતાની પાછળ લઈ જઈ શકતા નથી. જે

બાળકોનું આંતરજીવન અને બાહ્યજીવન બન્ને સત્ય લાગવાથી ભેદ પાડી શકતા નથી તેઓ જ નિદ્રાચરણી વધારે બને છે. પથારીમાં શરીર સૂતું હોય ત્યારે તેમાં અન્ય કોઈ પ્રવેશી જાય તેવી શક્યતા જવલ્લે જ બને છે. વિશેષતઃ જોરુકા પ્રાણમય સત્ત્વો અથવા કોઇ રહસ્યવિદ્ તેવો પ્રયત્ન કરે તો જ તે વાત શક્ય છે.

શરીર છોડીને બહાર ગએલી વ્યક્તિના સ્થૂળ શરીરને કોઇ હચમચાવે તો તેને ખૂબ મોટો આંચકો લાગે છે અને તે તરત ખેંચાઇને શરીરમાં ઘૂસી જાય છે.

તેથી બહાર જતાં પહેલા એક ગુપ્ત રક્ષણ મેળવવું ખાસ જરૂરી છે. તે સાધારણતઃ ત્રણ રીતે મેળવાય છે : (૧) પોતાના સમર્થ ગુરુને સંરક્ષણની વિનંતી કર્યા બાદ (૨) કોઇ રહસ્યવિદ્‌ની મદદ લઇને (૩) પોતાના શરીર ફરતે પ્રકાશમય સુરક્ષા આભાચક્ર ગૂઢવિદ્યાથી રચીને

જો કોઈ વ્યક્તિ ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હોય, બિનસચ્ચાઈવાળી હોય, દુષ્ટ તત્ત્વોના સંપર્કમાં હોય તો જ સુરક્ષા ચક્ર યશસ્વી થતું નથી.

બહાર જનારું તત્ત્વ સૂક્ષ્મશરીર હોય છે (પ્રાણમય, મનોમય, સૂક્ષ્મપાર્થિવ તત્ત્વનું બનેલું) તે ચૈત્યપુરુષ હોતો નથી. સામાન્ય માનવોના ચૈત્યપુરુષે પૂરેપૂરો આકાર ધારણ કરેલો જ નથી હોતો તેમ જ તેનું પોતાનું સ્થાન પણ સૂક્ષ્મશરીરમાં હોતું નથી, તેથી તેની સાથે ચૈત્યપુરુષનો જવાનો સવાલ જ નિર્માણ થતો નથી.

સામાન્ય માનવનાં પ્રાણમય અને મનોમય પુરુષ તો ભાગ્યે જ શરીરમાં હોય છે, કારણ કોઈક બાબત વિચાર કરો કે ભાવ અનુભવો કે તરત તે વ્યક્તિ પાસે જવા બહાર ઉપડી જાય છે.

શરીર બહાર નીકળે તો શ્રી માતાજી પાસે દોડી જવું શું હિતાવહ નથી? એવા પ્રશ્નનો જવાબ માતાજી આપતા જણાવે છે કે ભાગ્યે જ કોઈ મારી પાસે આવે છે. લગભગ તેમની પ્રાર્થનાને જવાબ આપવા તેમને જ તેની પાસે દોડી જવું પડે છે.

માતાજી જણાવે છે કે ફ્રાન્સમાં એક વ્યક્તિ રોજ સાંજે તેની પાસે સૂક્ષ્મ શરીરથી આવતી. પછી તે બન્ને અન્ય જગતોમાં સાથે જતાં. અવનવા અનુભવો મેળવતા. માતાજી તેને ઘણાં રહસ્યો સમજાવતાં.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્ય-રૂપાંતરની ચાવી

પ્રકરણ - ૧૧૩

(Savitri, B-1, C-4, P. 48-49)

Or through the earthly coverings something breaks,
A grace and beauty of spiritual light,
The murmuring tongue of a celestial fire.

વેદોમાં આદિસંકલ્પમાંથી ઊઠતાં નાદમાંથી ઉદ્ભવતા સુવર્ણપ્રકાશને ધારણ કરનાર વિશ્વપુરુષને હિરણ્ય-ગર્ભ કહ્યો છે, તે કેટલું સાર્થક નામ છે ! હિરણ્યમય દિવ્ય-પ્રકાશને હ્દયમાં ધારણ કરનાર એ જ હિરણ્ય-ગર્ભ. આવા દર્શન ખરેખર દુર્લભ છે. ઘણી વખત વિશ્વ-ચેતનાએ ધારણ કરેલ સુવર્ણમય પ્રકાશનાં આ મૂળ સ્રોતનાં દર્શન થતાં નથી પણ તેના પરિણામે યોગીના સ્વરૂપમાં ઠેઠ ભૌતિક-શરીર મારફત પ્રગટ થએલ તે સુવર્ણમય તેજનું સૌંદર્ય અને કૃપા (grace and beauty) પ્રગટ થાય છે. આ ખરેખર તો પેલા દિવ્ય-અગ્નિ (celestial fire)નો જ પરિણામ હોય છે તેથી તે જાણે તેની ઘૂસપૂસ જેવું (murmerings) લાગે છે. યોગીની ચેતના વધારે વિકસિત ન હોય તો તેને પેલા મૂળ સ્રોતને બદલે તેનાં પરિણામો જ અનુભવાય છે.

Ourself and a high stranger whom we feel,
It is and acts unseen as if it were not;
It follows the line of sempiternal birth,
Yet seems to perish with its mortal frame.

આપણી દ્વારા જે નિરાકાર, વિશ્વાત્મા પ્રગટ થાય છે તેને શ્રી અરવિન્દ "higher stranger" કહે છે. તે આપણી દ્વારા કાર્ય કરતો જ હોય છે, પણ આપણાથી એવો અજાણ થઈને (unseen) રહે છે કે જાણે તેનું કોઈ અસ્તિત્વ જ નથી. (it were not) તે આપણો ચૈત્યપુરુષરૂપી જે શાશ્વત જન્મ લે છે (Sempiternal) તેની અભીપ્સા મારફત જ કાર્ય કરતો હોવાથી તેના અસ્તિત્વ અને હાજરીની સ્વતંત્ર અલગ હાજરી નોંધાતી નથી. આપણાં ચૈત્યપુરુષની ગતિવિધિ દ્વારા જ તે કાર્ય કરતો હોય છે, તેથી તેની અલગ પહેચાન ઊભી થતી નથી. પણ ઉત્ક્રાંતિના હાલના તબક્કે તો ચૈત્યપુરુષને પોતાનું ભૌતિક દિવ્ય-સ્વરૂપ રચાએલું ન હોવાથી (psychic being) તેને વારંવાર ભૌતિક શરીર ધારણ કરવું પડે છે અને જૂનું થતાં ત્યાગવું પડે છે અને નવું ધારણ કરવું પડે છે. કારણ દરેક શરીર ચૈત્યપુરુષના વિકાસના સંદર્ભમાં પછાત પુરવાર થતું હોય છે, તેથી ત્યાગવું પડે છે.

Assured of the Apocalypse to be,
It reckons not the moments and the hours;
Great, patient, calm it sees the centuries pass,
Awaiting the slow miracle of our change
In the sure deliberate process of world-force
And the long march of all-revealing Time.

પણ એક વખત આ વિશ્વાત્માને, અક્ષર પુરુષને પોતાના પ્રગટીકરણની ખાતરી થઈ જાય (Apocalypse) તે પછી તે સમયની ગણતરીને ગણકાર્યા વગર અનેક શતકો સુધી સતત, સમતાથી, શાંતિથી (Great, Patient, calm) વાટ જોતો હોય છે કે ચૈત્યપુરુષ ક્યારે પોતાની દિવ્ય-પ્રકૃતિમાં અભીપ્સા સેવીને તેની શક્તિથી અશુદ્ધ અપરા પ્રકૃતિનું રૂપાંતર કરીને મહાન આશ્ચર્ય સર્જે (Great miracle) આ કામમાં ચૈત્યપુરુષને વિશ્વ-શક્તિઓ આયોજનપૂર્વક (deliberate) વિવિધ પ્રક્રિયાઓ દ્વારા મદદ કરતી જ હોય છે. આ વિશ્વ-

શક્તિઓ જે વૈશ્વિક - ઉત્ક્રાંતિને આગળ ધકેલતી હોય છે, તેથી કાળના પ્રવાહમાં ધીમે ધીમે કાલાતીત આત્મા વધારે ને વધારે પૂર્ણ અને શુદ્ધ રીતે, લાંબોકાળ પ્રગટ થવાની ક્ષમતા પ્રાપ્ત કરતો જાય છે અથવા એમ કહો પોતાની જન્મજાત ક્ષમતાને વધારે ને વધારે રીતે ભૌતિક કક્ષાએ પ્રગટ કરે છે. આ સનાતન કાળતત્ત્વની પ્રગટીકરણ-ક્ષમતા હોય છે (all reveling Time)

It is the origin and the master-clue,
A Silence overhead, an inner Voice,
A living image seated in the heart,
An unwalled wideness and a fathomless point,
The truth of all these cryptic shows in space,
The Real towards which our strivings move,
The secret grandiose meaning of our lives.

આ જે જીવનમાં મહાન આશ્ચર્યની ઘટના બને છે તેને પ્રાપ્ત કરવાની એક જ પ્રયુક્તિ છે (Master Clue) તેવી આંતરિક સ્થિતિમાંથી જ તે આશ્ચર્ય જન્મે છે (origin) તે વખતે યોગીના મસ્તકની ઉપર દસ આંગળ અદ્ધર એક નીરવતા સ્થપાતી હોય છે. આ નીરવતા બાબતની સભાનતા જ તે નીરવતાને ક્ષણભરમાં વધારે તીવ્ર અને સઘન કરી મૂકે છે. મસ્તકની ઉપર નિઃશબ્દતા હોય છે તો હૃદયમાં અંદર કોઈ દૈવી તત્ત્વ જાણે સતત આપણને દિવ્ય અને સાચી આધ્યાત્મિક સમજણ આપવા બોલતું લાગે છે. આપણને લાગે છે આપણે પોતાના દિવ્યભાવોને મનોમન શબ્દો દ્વારા વ્યક્ત કરી રહ્યાં છીએ. પણ ખરેખર તે એક 'શ્રુતિ'નો પ્રકાર હોય છે, જે વેદકાળના ઋષિઓ સાંભળતાં અને તેને અનુરૂપ સૂક્તો લખતાં. જ્યારે શ્રુતિ સંભળાતી હોય છે (inner Voice) આકાશ-વાણી સંભળાતી હોય છે, શરૂઆત અનાહતના ઓંકાર નાદના શ્રવણથી થાય છે, ત્યારે તે મુજબ જ આંતર - દર્શનનું ચલચિત્ર મનની આંખો સામેથી પસાર થતું પણ અનુભવાય છે (A living image)

મસ્તકની ઉપરની નિઃશબ્દતામાં એકાગ્ર થતાં જ ત્યાં એક અસીમ, નિરાકાર, ગહન (unwalled wideness and a fathomless point) શુદ્ધ સ્ફટિક જેવા પારદર્શક આત્મતત્ત્વનું દર્શન થતું હોય છે. તે ચેતનવંતો લાગે છે. તેની અહં-સ્ફુરણા એ જ પેલો fathomless point બની ગએલો હોય છે.

આવા બધા જલદી જલદી પસાર થતા ગુપ્ત અને ગૂઢ (ryptic) અનુભવો જે સ્થળકાળમાં થતા હોય છે, તેનું સત્ય એ છે કે તેને જ આપણે પોતાના મૂળ-સ્વરૂપ તરીકે આપણી અભીપ્સા દ્વારા ઝંખતા હોઈએ છીએ (strivings move) તે જ આપણી જિંદગીનું ભવ્યાતિભવ્ય (grandiose) ગુપ્ત (secret) મકસદ હોય છે, હેતુ હોય છે. તે જ પુરુષાર્થ છે. પુરુષાર્થ એટલે પુરુષે સેવેલી અભીપ્સા (પુરુષ + અર્થ)

A treasure of honey in the combs of God,
A Splendour burning in a tenebrous cloak,
It is our glory of the flame of God,
Our golden fountain of the world's delight.
An immortality cowled in the cape of death,
The shape of our unborn divinity.

આ અવસ્થા એટલે જાણે પ્રભુરૂપી મધપુડામાંનું મધુર મધ છે (combs of God) આના જેવી આનંદમય, મધુર, અવસ્થા નથી. તે જાણે કાળામેશ (tenebrous) કપડામાંથી પ્રગટ થતી જ્વલંત પ્રકાશસ્વરૂપ સ્થિતિ છે. (Splendour burning) તે પ્રભુનો પોતાનો જ પ્રકાશ છે, જે યોગીનાં સ્વરૂપમાં ઊતરી આવી ભૌતિક-જીવનમાં પણ દિવ્ય-આનંદ ભોગવવાનું તે સુવર્ણમય ઝરણું બની જાય છે (golden fountain) અને તે મૂળ ઉગમ છે. તે ખરેખર તો મૃત્યુના પડછાયા હેઠળ વિકસતી અમરતાનું જ છત્ર હોય છે (cowled) તે આપણે જે ભવિષ્યમાં દિવ્ય-સ્વરૂપે જીવવાનાં છીએ તેની વાસ્તવિકતા પૂર્વેનું એક દિવ્ય-પ્રતિબિંબ હોય છે, પ્રતીક હોય છે, આકાર હોય છે. (Shape)

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

## દિવ્ય અને વિરોધી બળો - પ્રકરણ - ૫

# વિરોધી બળો અને તેના કાર્યો

(ભા.૧, પૃ.૪૩૫-૪૪૧)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વિરોધી બળો અસ્તિત્વ ધરાવે છે તે વેદ, ઈજિપ્તની ગૂઢવિદ્યાઓ (ઝોરોસ્ટર) અને યુરોપમાં પણ જાણીતી વસ્તુ છે. પૃ.૪૩૫

૨ જેમણે પ્રાણમય ભૂમિકા ઉપરની વસ્તુઓ વિષે આંતરદૃષ્ટિનો વિકાસ કરેલો છે, તેમને વિરોધી બળોની ખૂબ અનુભૂતિ થાય છે. પૃ.૪૩૬

૩ મનોમય ભૂમિકા ઉપર તે ખોટાં સૂચનો તરીકે આવિર્ભાવ પામે છે. પૃ.૪૩૬

૪ અસુરો બે પ્રકારના હોય છે. મૂળ સ્વરૂપે દિવ્ય હતા પણ પ્રભુ વિરોધી હેતુથી અસુરો બની ગયા. તેઓ 'પૂર્વે દેવાઃ' છે - પ્રથમ વખતના દેવો છે. આવા અસુરોમાં રૂપાંતર લાવી શકાય છે. બીજા, સામાન્ય અસુરો તેઓ રૂપાંતર પામતા નથી. પૃ.૪૩૬

૫ અસુરો અને રાક્ષસો પૃથ્વી ઉપરનાં સત્ત્વો નથી. પૃ.૪૩૭

૬ તેઓ માનવીનો કબજો લઈ લે છે. પૃ.૪૩૭

૭ મન એ અસુરોનું કાર્યક્ષેત્ર છે. પૃ.૪૩૭

૮ નિમ્ન પ્રાણનાં બળોને આપણે રાક્ષસ કહીએ છીએ. પૃ.૪૩૮

૯ અસુરો ધાર્મિક હોય છે. આધ્યાત્મિક વિચારોનો પોતાના કાર્યમાં ઉપયોગ કરે છે. પૃ.૪૩૮

૧૦ ગાંધર્વો પ્રાણમય ભૂમિકાના પ્રાણમય દેવો છે. પૃ.૪૩૮

૧૧ વિરોધી બળો વધારે પડતા ઉપયોગિતાવાદમાં માનતાં હોય છે. પૃ.૪૩૯

૧૨ બાહ્ય સક્રિય ભાગોમાં ઊર્ધ્વ-ચેતના સ્થાપન થએલી હોય તો જગત અને વિરોધી બળો વિષે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. પૃ.૪૪૦

૧૩ દુષ્ટ બળો અવિદ્યા દ્વારા સત્યની થએલી વિકૃતિઓ હોય છે. પૃ.૪૪૧

વિરોધી બળો બાબત વેદોમાં, ઈજિપ્તની ગૂઢવિદ્યાઓની ઝોરોસ્ટર, કબાલાની વિદ્યાઓમાં, યુરોપના ગૂઢવાદમાં બધાંમાં જ ઉલ્લેખો જોવા મળે છે. માનવમાત્ર સામાન્ય - ચેતનામાં જીવે ત્યાં સુધી તેની ઉપર આ વિરોધી બળો આક્રમણ કરી શકે છે અને તેને પકડમાં પણ લઈ શકે છે.

સામાન્ય - ચેતનામાં રહેનારને આસુરી પ્રભાવ બે રીતે જણાય છે : (૧) પોતામાં અને બીજામાં લાગણીઓ ઉપર થતી અચાનક વિપરીત અસર હોય (૨) પર્યાવરણમાં જે સ્થૂળ વૈશ્વિક શક્તિઓની વિનાશક શક્તિઓનો અનુભવ આવે છે તે દ્વારા

વાસ્તવિકતા એ છે કે આપણે એવા વિશ્વમાં રહીએ છીએ જેમાં વિવિધ બળોની જ લીલા ચાલી રહી છે. તેમાં પણ જો વ્યક્તિની પ્રાણમય જગતમાં જોવાની ક્ષમતા હોય તો તે આ વિરોધી બળોનાં ફક્ત કાર્યો જ અનુભવતો નથી, પણ તે વિરોધી બળોનાં પ્રત્યક્ષ સ્વરૂપો પણ જોઈ શકે છે અને તેમનો આશય પણ સમજી શકે છે.

વ્યક્તિને આ બધું પ્રત્યક્ષ અનુભવાય તે પહેલાથી જ મનમાં ખોટાં સૂચનો તરીકે તેનો પ્રભાવ જણાવા જ લાગે છે. આ સૂચનોમાં ઘણી વખત અસુરો ધાર્મિક ભાવનાઓ અથવા આધ્યાત્મિક વિચારોનો પણ પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરી લે છે.

વિરોધી બળોમાં અસુરો, રાક્ષસો, પિશાચો એવા ઘણા પ્રકાર જણાય છે, જે તેમનો કક્ષાભેદ દર્શાવે છે. મનોમય સ્તરના અસુરો હોય છે. પ્રાણમય સ્તરના રાક્ષસો અને સૂક્ષ્મપાર્થિવ સ્તરના પિશાચો હોય છે. અસુરો, રાક્ષસો સુંદર પણ હોય છે; પણ પિશાચો તો પોતાની તીવ્ર વિકૃતિને લીધે બેડોળ અને ભયંકર લાગે છે. તે બધા પોતાના રૂપો બદલી શકે છે.

અસૂરોના બે પ્રકાર જોવા મળે છે : પ્રથમ પ્રકારમાં એવા જે પૂર્વે દેવો જેવા હતા પણ પાછળથી પ્રભુવિરોધી હેતુઓથી પોતાને સ્વતંત્ર માની વિરોધી બનેલાં. વેદોમાં અને મહાભારતમાં આમને 'પૂર્વે દેવોઃ' પ્રથમ વખતના દેવો એમ કહેવાય છે. તે દેવસૃષ્ટિ રચાઈ તે પહેલાંનાં છે. હાલના દેવો પાછળથી પ્રગટ થએલાં છે. આવા અસુરોમાં રૂપાંતરની શક્યતા છે, કારણ શરૂઆતમાં તેઓ તેવા હતા. બીજા પ્રકારના અસુરો એ તો મૂળથી જ અસુર છે, તેઓમાં રૂપાંતર થવાની શક્યતા જ નથી. તેમાં જ પિશાચો અને પ્રેતો (Devils) વગેરેનો સમાવેશ થાય છે. તેમનો નાશ કરવો એ જ એક ઉપાય છે.

અસુરમાં જીવાત્મા મૂર્છિત હોય છે અને ચૈત્યપુરુષ તેને કારણે હોતો જ નથી. કારણ જીવાત્મા જ પોતે ધારણ કરેલા પ્રભુના સંકલ્પના અંશ મુજબ પોતાનો

આવિર્ભાવ કરવા ચૈત્યપુરુષને નીચે નિમ્નપ્રકૃતિમાં મૂકે છે, પણ અસુરોમાં જીવાત્મા જ મૂર્છિત હોવાથી તે આવું કોઈ કાર્ય કરી શકતો નથી. તેણે ધારણ કરેલ પ્રભુનો સંકલ્પ પણ સુપ્તાવસ્થામાં પ્રવેશી જાય છે.

અસુરો અને રાક્ષસો પૃથ્વી ઉપરનાં સત્ત્વો નથી, પણ મનોમય અને પ્રાણમય જગતનાં સત્વો છે. પણ તેઓ પાર્થિવ-જીવન ઉપર પોતાનો પ્રભાવ જરૂર પાડી શકે છે. કોઈક વખત તો તે માનવીની ચેતનાનો જ કબજો લઈ લે છે અને ભાડે રાખેલા મકાનની જેમ તેને પોતાની ઇચ્છા મુજબ વાપરે છે.

અસુરો એ મનોમય જગતની અંધકારમય બાજુનાં સત્ત્વો છે. જ્યારે રાક્ષસો પ્રાણમય જગતની અંધકારમય બાજુનાં સત્ત્વો છે.

અસુરો કરતા રાક્ષસો વધુ ઉગ્ર આવેગવાળા હોય છે, કારણ તેમણે વિકૃત અને અસંતુષ્ટ પ્રાણને ધારણ કરી રાખેલો હોય છે, જેને ચેતનાની નિમ્નગતિઓમાં જ રસ છે.

સ્થૂલ ભૂમિકા ઉપર જે ભૂત-પ્રેત, ડાકણો વગેરે દેખાય છે તેમને તમોમય સત્ત્વો કહેવાય છે. થિઓસોફિસ્ટ તેમને તત્ત્વરૂપો કહે છે. તેઓ મૃત વ્યક્તિનાં સૂક્ષ્મ-શરીરો હોય છે પણ તેમાંના ઘણા ભાગો ઓગળી ગએલાં હોવાથી તે બેડોળ, ભયંકર લાગે છે. તેમની વાસના અને વિકારોની તીવ્રતા વધુ હોવાથી તેમનાં આ સૂક્ષ્મ શરીરોના અવશેષો ટકી રહેલાં હોય છે. તેમાંના થોડાક ગુંડાગીરી કરનાર હોય છે. અન્યો સામાન્ય વિકૃત જીવન જીવતા હોય છે.

ઉચ્ચભૂમિકામાં અસુરો, રાક્ષસો કે અન્ય વિરોધી બળો હોતા જ નથી.

સામાન્ય રીતે આ બધા મન, પ્રાણ, શરીરમાં વિકૃત રજોગુણ અથવા તમોગુણ વધારનારા હોય છે. તેઓ અંતે માનવને નિર્બળ, હતાશ કરી નાંખે છે.

ગાંધર્વો એ અસુરો કે રાક્ષસો નથી પણ પ્રાણમય જગતનાં પ્રાણમય દેવો છે. તેઓ સંગીતકલાના શોખીન હોય છે, વિલાસી જીવન તેમને ગમે છે.

વિરોધી બળોનો મૂળ હેતુ નીચે મુજબનો છે : (૧) જગતનાં સર્જનમાં કોઇ અપૂર્ણતા ન રહે, અપૂર્ણતાઓને ભાંગી નાખવી (૨) અચિત્ અને અવચેતનની બધી જ શક્યતાઓને પૂરેપૂરી તક આપી અંતે, તેને નિર્મૂળ કરી નાંખવું.

તેથી આપણા યોગમાં જગત જે સ્થિતિમાં છે તે રીતે જ તેને સ્વીકારીને તેની ઉપર વિજય મેળવવાનું ધોરણ છે.

સમજો આપણી આ વિકાસશીલ પૃથ્વી ઉપર વિરોધી બળો જ ન હોત તો પણ

(અનુ. પાના ૩૦ ઉપર)

# पूर्णारविन्दाय नमो नमस्ते ॥

सदा परित्राण विमोहितानाम् ।
सदा अधिष्ठानमनाश्रितानाम् ॥
प्रबोधितानां परमाद्भुताय ।
पूर्णारविन्दाय नमो नमस्ते ॥ १ ॥

बुद्धौ स्थितानां विमलो विमर्शः ।
हृदि स्थितानां परमो प्रहर्षः ॥
कर्मार्पितानां निखिलो प्रकामः ।
पूर्णारविन्दाय नमो नमस्ते ॥ २ ॥

वेदाहम् अरविन्दमपूर्ववेदः ।
वेदाहम् अरविन्दमनस्ततेजः ।
वेदाहम् अरविन्दमनन्तप्रेम ।
पूर्णारविन्दाय नमो नमस्ते ॥ ३ ॥

प्रदीप्तहेम्नः परिशुद्धकान्तये ।
कविः कवीनां महतां महीयसे ।
विज्ञानचैतन्यमहार्णवाय ।
पूर्णारविन्दाय नमो नमस्ते ॥ ४ ॥

नमो नमस्ते अतिक्रान्तमूर्तये ।
पार्थिवतायां परमार्थबोधिने ।
मानुष्यतां दिव्यवरप्रदाय ।
पूर्णारविन्दाय नमो नमस्ते ॥ ५ ॥

* * *

यत्र मीरारविन्दौ च योगिनः कर्मतत्पराः
तत्रातिमानसीशक्तिः स्वयं सिद्धिप्रदा भवेत् ॥

– अनिरुद्ध स्मार्त

# पूर्णारविन्दाय नमो नमस्ते ।।

**મોહપીડિતોના સદા તારણહાર,**
અનાશ્રિતોના સર્વદાનાં આશ્રય;
અને પ્રજ્ઞાવાનના પણ પરમ **આશ્ચર્ય,**
હે પૂર્ણ શ્રી અરવિંદ ! આપને **મારા પુનઃ પુનઃ નમસ્કાર.** ॥૧॥

**જેઓ બુદ્ધિમાં સ્થિત છે તેમને** જ્ઞાનનો વિરલ પ્રકાશ પ્રેરનાર;
**જેઓ** હૃદયથી ઊર્મિશીલ છે તેમને અંતરમાં **પરમ આનંદ બક્ષનાર;**
**અને સમર્પિત** કર્મ દ્વારા સેવનારને, નિતાન્ત **શાંતિ અર્પનાર;**
**હે પૂર્ણ શ્રી** અરવિંદ ! આપને મારા પુન : **પુન : નમસ્કાર. ॥૨॥**

શ્રી અરવિંદને અપૂર્વ વેદ**રૂપ હું નિહાળું છું,**
જેનો કદી અસ્ત નથી એવા **સદોદિત પ્રકાશરૂપ, શ્રી અરવિંદ**ને હું જાણું છું,
શ્રી અરવિંદને પ્રેમના અનન્ત **પારાવાર રૂપ હું અનુભવું છું,**
હે પૂર્ણ શ્રી અરવિંદ ! આપ**ને મારા પુનઃ** પુનઃ નમસ્કાર. ॥૩॥

**અગ્નિમાં** તપ્ત સુવર્ણ જેવી પરિશુદ્ધ જે**મની દેહકાન્તિ છે,**
**કવિઓનાં** મહાકવિ અને મહાનોમાં **પણ જે મહત્તમ છે,**
**વિજ્ઞાન-ચૈતન્યના** સ્વયં અસીમિત સાગર રૂપ
**હે પૂર્ણ શ્રી અરવિંદ !** આપને મારા **પુનઃ પુનઃ નમસ્કાર. ॥૪॥**

હે મૂર્ત અતિમાનસ ! આપને **અમારા સવિશેષ નમસ્કાર,**
પાર્થિવતામાં રહેલ પરમ ગૂઢ **રહસ્યના આપ જ** ઉદ્‌ગાતા છો,
મનુષ્યજાતિને આપે એક **અનુપમ દિવ્ય વરદાનથી** વિભૂષિત કરી છે.
**હે પૂર્ણ શ્રી અરવિંદ ! આપને** મારા પુનઃ પુનઃ નમસ્કાર. ॥૫॥

* * *

જયાં, શ્રી અરવિંદ મીરા ને યોગીઓ **કર્મતત્પર**
ત્યાં, અતિમાનસીશક્તિ સ્વયં સિદ્ધિપ્રદાયિની.

મૂળ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ
- અનિરુદ્ધ સ્માર્ત

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય
## સાધનામાં અવચેતનના ખેલ

પ્રકરણ - ૧૬

ઘોર આંગિરસ ઋષિને બે પુત્રો - કણ્વ અને પ્રગાથ. કણ્વ મોટો, પ્રગાથ નાનો. પિતાની જેમ બન્ને પુત્રો પણ ઋષિત્વને પામ્યા હતા. કણ્વના લગ્ન થઈ ગએલા. પ્રગાથ હજી બ્રહ્મચારી હતા.

એક દિવસની વાત છે. ઋષિ કણ્વને બહારગામ જવાનું થયું. પત્નીએ આપેલ ભાથું લઇને વલ્કલ કમંડલુ સાથે નીકળી પડ્યા. પણ વનમાં રસ્તો ભૂલ્યા. આખો દિવસ અટવાતા રહ્યા. એક ગોવાળે રસ્તો દર્શાવ્યો, તેથી ગામ જવાનું ટાળી ઘેર પાછા ફર્યા.

સમીસાંજે પ્રગાથ જંગલમાંથી સમિધા, કંદમૂળ, લાકડાનો ભારો લઇને હમણાં જ પાછો ફરેલો. ભાભી- દિયર વચ્ચે મા-દીકરાનો પ્રેમ.

પ્રગાથે માથું દુઃખવાની ફરિયાદ કરી, તેથી કણ્વ-પત્નીએ તેનું માથું ખોળામાં લઈ દબાવવાની શરૂઆત કરી ત્યાં કણ્વે કુટિરમાં પ્રવેશ કર્યો. તેમના મનમાં શંકા જાગી, પણ બોલ્યા નહિ.

રાત્રે પત્નીએ તેમને વાત કરી. તેની નિખાલસા જોઈ તેમને અંદર ને અંદર પસ્તાવો થયો.

પણ પ્રગાથ ઋષિ ચતુર હતા. તે પરિસ્થિતિ પામી ગયા. તેમણે ગૃહત્યાગ કરીને અન્યત્ર આશ્રમ સ્થાપવાનો નિર્ણય લીધો.

બીજે દિવસે તેણે વડીલ - બંધુ કણ્વને વાત કરી. કણ્વે તેને સંમતિ આપી.

કથાનક અહીં પૂરું થાય છે, ઋષિત્વ પામેલાના મનમાં પણ શંકાકુશંકા કેવા જાગે છે તેની આ ઘટના છે. કથાનકનું રહસ્ય નીચે મુજબનું છે :

કણ્વ એટલે પાપ. પ્રગાથ એટલે કાવ્યદ્વારા કોઇ હકીકત જણાવવી (ગાથા શબ્દનો એ અર્થ છે.)

સાધકની ચેતના ખાબોચિયા જેવી હોય છે. સાધનાથી તેના પાણીનો ઉપરનો

સ્તર શુદ્ધ - નિર્મળ બની જાય છે. પણ નિમ્ન સ્તરે, તળિયે કાદવ અને ગંદવાડ હોય જ છે. તે નિમિત્ત બનતા જ ઉપર આવે છે. આ નિમ્ન સ્તરને આપણે અવચેતન કહીએ છીએ, તેને 'કણ્વ' કહેવાય છે.

સાધકનો ચેતનાનો ઊર્ધ્વ સ્તર કાયમ પ્રભુનું યશગાન, લીલા વર્ણવવામાં રોકાએલો હોય છે તે ગાથ અને તેમાં જ રચ્યાપચ્યા રહેવું તે પ્રગાથ.

આમ, આ બન્ને ખરેખર એક જ વસ્તુનાં બે સ્તર છે. તે છે સાધકની ચેતના જે નીચે ઘોર અંધકાર સ્વરૂપની છે. ઉપર આંગિરસ અર્થાત્ પ્રકાશમય સ્વરૂપની છે.

ઋષિએ પણ આ વાસ્તવિકતા ભૂલવી ન જોઈએ. વ્યાસ જણાવે છે કે જુવાન દીકરી સાથે પણ એકાંતમાં સજ્જન માણસે ન રહેવું જોઈએ. વિવેકથી બહાર નીકળી જવું જોઈએ.

સાધનામાં જ્યાં સુધી અવચેતન નષ્ટ ન થાય ત્યાં સુધી સતત દક્ષતા-સતર્કતા જાળવવી જરૂરી છે. અવચેતનને કારણે કાયમ કણ્વની જેમ જીવનરૂપી જંગલમાં કેડી ભૂલી જ જાય છે. કોઈક સદ્‌ગુરુ મળે તો તેને કેડી મળે છે. અવચેતન પોતાની સાધના અને ભક્તિભાવ બાબતમાં પણ શંકા સેવે છે. આવી શંકા સેવાતી રહે તો આપણો ભક્તિભાવ જાણે આપણને છોડીને અન્યત્ર ચાલ્યો જાય છે - પ્રગાથની જેમ !

આ છે આ આખ્યાનનું રહસ્ય.

---

(પાના ૨૫ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

લાક્ષણિકતા અને કોઈ ગૂઢ દિવ્ય-સંચાર જ ''આત્મા'' છે, ''નીરવ બ્રહ્મ'' છે તેમ શ્રી અરવિન્દ જણાવે છે. નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો અને એમાં પોતાની ચેતનાને ધારણ કરવી તે અન્ય યોગમાર્ગનો આખરી વિરામ છે, કારણ કે તેમનો ઉદ્દેશ પણ આ જ હોય છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે પૂર્ણયોગમાં આ ચેતનાની કક્ષા, ''નીરવ બ્રહ્મ''નો સાક્ષાત્કાર તો માત્ર પ્રથમ પગથિયું છે. રૂપાંતરના આ યોગમાં આ પ્રકારની દિવ્ય અનુભૂતિ એ ચરમસીમા નથી, પરંતુ તે માટે આગળ વધવાનું પ્રથમ સોપાન છે. શ્રી અરવિન્દ અહીંથી જ અન્ય યોગમાર્ગોથી જુદાં પડે છે, કારણ પૂર્ણયોગનું મૂળભૂત લક્ષ્ય, પરમપ્રભુને આ ધરાતળે વિચરણ કરતા કરવા છે. તે રૂપાંતર દ્વારા જ શક્ય બને છે, ધ્યેય તફાવતને કારણે જ શ્રી અરવિન્દ આ ''નીરવ બ્રહ્મ'ના સાક્ષાત્કારથી પણ ઊર્ધ્વમાં જવાનું કહે છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૮
(પૃ.૯૮-૯૯)

## શ્રી અરવિન્દ : ભૌતિક જીવન અને પારલૌકિક જીવન

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. There are different paths and each has a different aim and end before it. P. 99
2. It is common to all the paths to conquer the desire, to put aside the ordinary relations of life and to try to pass from uncertainty to everlasting certitude. P. 99
3. It is the object of my Yoga to transform life by bringing down into it the Light, Power and Bliss of the divine Truth and its dynamic certitade. P. 99
4. This Yoga is not a Yoga of world-shunning ascetism; but of Divine life. P. 99

કોઈ ભાઈએ શ્રી અરવિન્દને પત્ર લખી યોગ કરવાની ઈચ્છા દર્શાવી. તેણે પોતે યોગની કઈ પદ્ધતિ અનુસરે છે તે બાબત પણ લખેલું. તેમના પત્રના જવાબમાં તેના યોગ વિષેના વિચારોથી પોતાના પૂર્ણયોગના વિચારો, પદ્ધતિ અને ધ્યેય કેવી રીતે જુદા છે તે તેને જણાવેલું અને તેણે જે જીવનનું લક્ષ્ય નક્કી કર્યું છે તે તેને સમાધિમાં પ્રવેશથી જ મળી શકશે એવું જણાવેલું. જેથી તે જગત સાથેના બધા જ સંબંધોનો વિચ્છેદ કરીને તેમાં રહી શકે. તે માટે તેણે પોંડીચેરી આવવાની જરૂર નથી એવું શ્રી અરવિન્દને લાગેલું.

શ્રી અરવિન્દને તેના પત્ર ઉપરથી તેને યોગ-કરવાનો આદેશ મળેલ છે એવું ઉપર ઉપરથી લાગેલું, તેથી તે તેની સાધના પદ્ધતિમાં જો આગળ વધશે તો તેને પોતાના અપેક્ષિત પરિણામો દેખાવાની શક્યતા જણાવેલી.

પણ તેની જગતના સંપર્કથી ભાગી છૂટવાની ટેવ એ પૂર્ણયોગમાં માન્ય નથી. પૂર્ણયોગમાં તે ભૌતિક જીવનની બધી વાસ્તવિકતાઓને સમતાથી સહન કરતાં કરતાં તેનું રૂપાંતર કરવા ઉપર જ ભાર મૂકેલો છે.

શ્રી અરવિન્દે તેને જણાવેલું કે જગતમાં ઘણા પ્રકારની યોગ-પદ્ધતિઓ છે. દરેક પોતાની સ્થાને બરાબર જ છે. દરેકનો અંતિમ હેતુ અલગ-અલગ છે. પદ્ધતિ અલગ-અલગ છે. તે હેતુ માટે તે યોગ બરાબર જ છે.

બધા જ યોગો કાંઈ તદ્દન અલગ જ હોતા નથી. તેમાં ઘણા પ્રકારની સમાનતા પણ જણાય છે. દા.ત. કામનાઓ અને ઈચ્છાઓ ઉપર વિજય મેળવવો સાંસારિક જીવનનાં સંબંધોનો ત્યાગ, જીવનની અશાશ્વતતામાંથી કાયમી શાશ્વતતા મેળવવા તરફ પ્રવાસ, આ બધાં જ યોગ-પદ્ધતિમાં દેખાતા સમાન તત્ત્વો છે.

પણ પૂર્ણયોગનો હેતુ નીચે મુજબનો છે. તેનું ધ્યેય તદ્દન ભૌતિક જીવનને પણ (અર્થાત્ માનસિક, પ્રાણમય વન સાથે જ) ઊર્ધ્વમાંથી પ્રકાશ અને શક્તિનું અવતરણ કરાવી તેમની મદદથી જીવનમાં દિવ્ય-આનંદ પ્રગટાવીને તે જીવનનું રૂપાંતર કરવું એ છે. તે જગતથી આઘા ભાગતા વૈરાગ્યમાં માનતો નથી, પણ દિવ્ય-જીવનને સમન્વય કરવા માંગે છે. પરલોકની હસ્તી તેને માન્ય છે પણ ત્યાં જઈ વસવાનો તેનો હેતુ નથી. તે લોકો આપણા ભૌતિક જીવન ઉપર પરિણામ કરે છે એ પણ માન્ય છે, તેમની સાથે સંપર્કમાં રહી અનુભવો મેળવી પણ શકાય છે તે પણ માન્ય છે; પણ ભૌતિક જીવન તરછોડીને તો નહીં જ.

આ યોગ સાથે સ્વપ્નાં, ઊંઘ, ભૂખ-તરસ ઉપર વિજય મેળવી શકાય છે, પણ તે આ યોગનો ગૌણ ભાગ છે.  મૂળ વાત તો દિવ્ય જીવન પ્રગટાવી તેની દ્વારા પ્રભુને ભૌતિક જીવન દ્વારા પ્રગટ કરવા અને એ રીતે જગતના આવિર્ભાવોનો પ્રભુનો મૂળ હેતુ પૂર્ણ કરવા પ્રભુના કાર્યમા સહભાગી થવું એ જ મહત્ત્વનું છે.

પૂર્ણયોગ આંતરિક ત્યાગમાં માને છે, બાહ્ય ત્યાગમાં નહીં. બાહ્ય જીવન સૌમ્ય, શાંત, સામાન્ય રીતે જીવાતું હોવું જોઈએ. ચમત્કારોને તેમાં મહત્ત્વ નથી. પણ ચમત્કારો અશક્ય છે એવું માનતો પણ નથી. આપણું અજ્ઞાન જ કોઈ ઘટનાને ચમત્કારમાં ખપાવે છે. ખરેખર તે તો વૈશ્વિક નિયમાનુસાર થયેલી ઘટના જ હોય છે.

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૧૨

## નીરવ બ્રહ્મ - પહેલી મજલ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **ચેતનાનું રૂપાંતર થતું હોતું નથી ત્યાં સુધી..... તીવ્ર અનુભૂતિઓ સ્થાયીપણે ટકી શકતી નથી. પૃ.૧૧**
- **..... સાધકની ચેતના જાગ્રત હોતી નથી ત્યારે એ આધ્યાત્મિક પાચનક્રિયા..... તેની સપાટીની નીચે થતી હોય છે. પૃ.૧૧**
- **પરંતુ સાધકની ચેતના જાગ્રત હોય છે તો પોતાની અંદર ચાલી રહેલી અનુભૂતિઓને આત્મસાત્ કરનારી ક્રિયાને તે જોઈ શકે છે..... પૃ.૧૧**
- **.... વિરાટ વિસ્તીર્ણતા..... સર્વવ્યાપી પ્રસાર, માણસને અવશ કરી મૂકે એવી સ્થિરતા અને નીરવતા જેની અંદર તમે જાતને લય પામી જતી અનુભવો છો એને જ ''આત્મા'' અથવા તો ''નીરવ બ્રહ્મ' કહેવામાં આવે છે. પૃ.૧૧**
- **.... એ કેટલાક યોગમાર્ગનો અંતિમ એકમાત્ર ઉદ્દેશ હોય છે..... પૃ.૧૨**
- **..... આપણી યોગ સાધનામાં..... જેને આપણે રૂપાંતર કહીએ છીએ તેની એ અનુભૂતિ તો ફક્ત પહેલી મજલ હોય છે. પૃ.૧૨**

સાધકમાંની અધોમુખ પ્રકૃતિનું રૂપાંતર થતાં જ તેની ચેતના પણ વિશુદ્ધ અને દિવ્ય બનવા લાગે છે. જ્યાં સુધી ચેતનાનું રૂપાંતર થતું નથી ત્યાં સુધી સાધકને આવેલી અનેક તીવ્ર અને ઊર્ધ્વ કક્ષાની અનુભૂતિઓ સાધકને અસ્થાયી અને પાછી ચાલી જતી હોય તેવું લાગે છે.

પરંતુ સાધકની ચેતના જાગૃત હોય તો સાધકને જણાય છે કે ચેતનાની સપાટીની નીચે કંઈક દિવ્ય કાર્ય ચાલી રહ્યું છે. અનુભૂતિનાં સારભૂત તત્ત્વો આંતર-ચેતના આત્મસાત્ કરતી હોય છે, પચાવતી હોય છે. સાધક આંતરિક રીતે વિકાસ કરતો હોય છે, પરંતુ ચેતનાની બહારની સપાટી પર જાણે કે કોઇ જ દિવ્યતા નથી અથવા સાધનાનું કોઇ જ અગત્યનું પાસું સાકાર થયું નથી એવું તે અનુભવે છે. પરંતુ ચેતનાના આ આંતરમુખી કાર્યને પણ સાધનામાં જરૂરી માનવામાં આવે છે. અનુભૂતિની પ્રચંડતાને કારણે, દિવ્યતાને કારણે, સાધકમાંનાં તત્ત્વો નાશ ન પામે અને સાધકની સાધના સંવાદમય ગતિથી ચાલે તેનું જ આ આયોજન હોય છે. જેમ પાક્યા પહેલાં ફળ ઉતારી લઈએ તો તેનું કંઇ મહત્ત્વ કે ઉપયોગિતા નથી, તેવી જ રીતે અનુભૂતિનું અમૃત સાધક આત્મસાત્ કરીને ચેતનાને વધારે વિશુદ્ધ અને દિવ્ય બનાવે છે. સાધકમાંની આ ક્રિયામાં સાધક અનુભવે છે કે તેણે મેળવેલ સઘળી અનુભૂતિઓ તેની ચેતનાને છોડીને ચાલી નથી ગઇ, પરંતુ આંતર-વિકાસની પ્રક્રિયા દ્વારા સ્થાયી થઇને પોતાનામાં જ સાધનાનો ઉઘાડ અને પ્રગતિ કરાવી રહી છે. આવા અંધારા - અજવાળાનાં એક પછી એક તબક્કાઓમાંથી સાધક પસાર થતો જાય છે. મંદતા અને પ્રગતિ જાણે કે સાધનાના બે ડગ-પગલાં છે તેવું અનુભવે છે. સાથે સાથે સાધક અનુભવે છે કે આ પગલાં વચ્ચેનો સમયગાળો ટૂંકો ને ટૂંકો થતો જાય છે અને અંતે, ચેતનાના રૂપાંતરથી સાધક સીધે સીધી અનુભૂતિઓ આત્મસાત્ અને સ્થાયી કરતો જાય છે. આ પ્રભુનું દિવ્ય-આયોજન છે, જેને સાધક પૂરી નિષ્ઠા અને ખંતથી પાર પાડે છે.

આ દિવ્યતા ધારણ કરવાથી સાધકમાં વિશાળતા, અસીમતા અને એક દિવ્યતાએ તેનો ભરડો લીધો છે, વીંટળાઈ વળી છે તેવું અનુભવે છે. સાધકમાંના વ્યક્તિગત પ્રયત્નો હવે રહેતાં જ નથી અને સમગ્ર સાધનાનું સંચાલન મા ભગવતી સંભાળી લે છે. સાધકને આ સંચાલનમાં તફાવત ફક્ત વિશાળતા, અસીમતા અને કોઈક દિવ્યતત્ત્વનો દોરીસંચાર લાગે છે. મા ભગવતીનું પ્રત્યક્ષ કાર્ય અનુભવતો નથી, પરંતુ કોઈક દિવ્યતાએ તેનો પડાવ અને ઘેરો તેનામાં નાખ્યો છે તેવું લાગે છે.

અને આ જ અમાપ વિશાળતા, સારાયમાં વિસ્તરી જવાની ચેતનાની મૂળભૂત

(અનુ. પાના ૨૧ ઉપર)

# વેદનું રહસ્ય
- શ્રી અરવિન્દ

## માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ. ૬૯-૮૧)

પ્રકરણ -૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માનસશાસ્ત્રીય અર્થ બે રીતે મહત્ત્વ ધરાવતા હતા :

૧. તેમને પોતાને આવેલી માનસશાસ્ત્રીય અનુભૂતિઓને તેથી આધાર-પુરાવા મળ્યાં.

૨. ઉપનિષદોના અમુક મંત્રોનો સ્પષ્ટ અર્થ હવે સમજાવા લાગ્યો, એટલું જ નહિ; પુરાણોનાં વિધાનોની પણ સાચી અને ઊંડી સમજણ પ્રાપ્ત થઈ.

આ માનસશાસ્ત્રીય અર્થો લેવામાં પોતે સાયણનું વેદભાષ્ય ન વાંચેલું હોવાથી ખોટા પૂર્વગ્રહો નિર્માણ ન થયા અને સુગમતા પ્રાપ્ત થઈ.

વેદોમાંના મહત્ત્વનાં પ્રતીકાત્મક શબ્દોના નીચે મુજબનાં અર્થો તેમને દેખાવા લાગ્યા : (૧) માનસ = વિચારપ્રધાન મન (૨) મતિ = ભાવનાપ્રધાન મન (૩) મનીષી = ધ્યેયવાદી ચિંતક (૪) મનીષા = ધ્યેયવાદી મન (૫) ઋતમ્ = બીજ સ્વરૂપ સત્ય, અપ્રગટ સત્ય (૬) દૃષ્ટા = અનુભૂતિ કરનાર ચેતના (૭) વિપ્ર (વિપશ્ચિતઃ) = પ્રકાશમય મનવાળો, વિ + પ્ર = (વિશેષરૂપેણ પ્રકાશિતઃ મનઃ યસ્યઃ) (૮) દક્ષ = એકાગ્ર મનવાળો (૯) શ્રવસ્ = ઊર્ધ્વ શક્તિનો શ્રાવ અથવા અવતરણ, (૧૦) ધીઃ = સમજણ, (૧૧) રાયે = આધ્યાત્મિક સમૃદ્ધિવાળો (૧૨) રયિ = આંતરિક સમૃદ્ધિ, (૧૩) વાજ = ઉત્સાહ, આંતરિક પોષણ (૧૪) બલિ = સમર્પણભાવ (૧૫) યજ્ઞ = પ્રભુને સમર્પિત આંતર - બાહ્ય કર્મો અથવા પ્રભુની જીવનમાંની આવિર્ભાવની પ્રક્રિયા (૧૬) અગ્નિ = માનવમાંના ચૈત્યપુરુષે ધારણ કરેલ દિવ્ય સંકલ્પ (૭) પુરોહિત = ચેતના વિકાસને અગ્રભાગે આવી દોરનાર નેતા (૧૮) હોતા = પોતાના વિચારો, ભાવનાઓ, સંકલ્પોને જીવનના વિકાસમાં સમર્પિત કરનાર ચૈત્યપુરુષ (૧૯) ઋત્વિજ = અપ્રગટ સત્યોને ચિત્તમાં પ્રગટ

કરનાર ચૈત્યપુરુષ (૨૦) બ્રા = વિશાળતાને ધારણ કરીને વ્યક્તિના સ્વરૂપને દિવ્ય ઘાટ આપનાર ચૈત્યપુરુષ (૨૧) અધ્વર્યુ = ઊર્ધ્વ ચેતનાને નીચે અવચેતનમાં, અચેતનમાં (અધસ = અવચેતનનો પાતાળલોક) સ્થાપી સમગ્ર ચેતનાની ઊર્ધ્વગતિ કરાવનાર ચૈત્યપુરુષ (૨૨) સોમ = સૌમ્ય આનંદદાયક આંતરપ્રકાશ (૨૩) ધૃતમ્ = જેમ દૂધનું સારતત્ત્વ ઘી તેમ મનનું સારતત્ત્વ શ્રદ્ધા છે. તેથી શ્રદ્ધામય હૃદય અથવા મન (ધૃતં ન પૂતં ધિષણામ્ (૩-૨-૧) અમારી બુદ્ધિને શ્રદ્ધાથી પાવન કરો. ધૃતનો અર્થ સમૃદ્ધિ થાય છે. શ્રદ્ધા એ જ મનની સમૃદ્ધિ છે. (૨૪) ગો, ગવઃ = આંતર પ્રકાશકિરણ (૨૫) અશ્વઃ = પ્રાણમય શક્તિ (દા.ત. પરોઢને ગોમતી અને અશ્વમતી કહ્યું છે તેનો અર્થ પ્રકાશમય અને શક્તિસભર કરનારી.)

સારાંશ, એકંદરે આવી રીતે આપણા જ સ્વરૂપમાંનાં માનસશાસ્ત્રીય તત્ત્વોના કાર્યને ઉપર મુજબ પ્રતીકો દ્વારા મૂર્તિમંત કરેલ છે.

આવી જ વાત સપ્તલોક અને વેદોમાંની સપ્ત વ્યાહૃતિ બાબતમાં પણ છે. માનવમાંના આંતરિક તત્ત્વો એ વૈશ્વિક તત્ત્વોના ભાગરૂપ જ હોય છે, તેથી વ્યક્તિમાં જે આંતરિક વસ્તુ છે તે વિશ્વમાં બાહ્યવસ્તુ બની ગયેલ છે. સારાંશ, જે સબજેકટીવ છે (વિષયીગત) તે જ ઓબજેકટીવ (વિષયગત) બનેલું છે. તે મુજબ વ્યક્તિમાંનાં સાત તત્ત્વોના જ સપ્ત લોક રચાયા છે, જે નીચે મુજબનાં છે :

| **આંતરિક તત્ત્વ** | **બાહ્ય વૈદિક સપ્તલોક** | **પૌરાણિક સપ્તલોક** |
|---|---|---|
| પાર્થિવ ચેતના | ભૂઃ | પાર્થિવ-લોક |
| પ્રાણમય ચેતના | ભુવઃ | પ્રાણમય-લોક |
| મનોમય ચેતના | સ્વર્ | મનોમય-લોક |
| વિજ્ઞાનમય (અતિમનસ ચેતના | મહ (મહઃ અર્ણવઃ) | અતિમનસ-લોક (વિજ્ઞાનમય-લોક) |
| આનંદમય ચેતના | જન | આનંદ-લોક |
| ચિન્મય ચેતના | તપ | ચિત્-લોક |
| સત્-ચેતના | સત્ | સત્ય-લોક |

સારાંશ, નામફેર હોવા છતાં વૈદિક અને પૌરાણિક સપ્તલોકોની કલ્પના સરખી જ છે.

હવે વૈદિક ઋષિઓનો વેદમાંનો કેન્દ્રિય સમજાશે. સત્ય એટલે અવિભાજીત અખંડ ચેતના. વિભાજીત ચેતના એટલે અસત્ય અને અજ્ઞાન. તે જ અનુક્રમે દિવ્ય

અને અદિવ્ય છે. શુદ્ધ ચેતના પ્રકાશમય છે. તે અસીમ છે, અવિકારી છે; તેથી આપણી વિભાજીત દુઃખી ચેતનાના સ્થાને શુદ્ધ અવિભાજીત પ્રકાશમય ચેતનાની સ્થાપના કરવી એ જ જીવનનો અને જગતના અસ્તિત્વનો હેતુ છે. આનંદમય સ્વર્ગ અને દુઃખમય પાર્થિવ જીવનનાં આ બે પડો વચ્ચે (રોદસી) માનવજીવન ભીંસાતું હોય છે. આપણે આંતરિક માનસશાસ્ત્રીય ક્ષમતારૂપ વિવિધ દેવોની (સુરોની) મદદથી વૃત્ર, વલ, પણિ-સ્વરૂપના અસુર-સ્વરૂપોને જીતવાનાં છે અને સત્-ચિત્-આનંદની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. આને જ તેઓ 'મહાન માર્ગ' કહેતા. દેવો પ્રકાશનાં પુત્રો છે. અદિતિનાં (અવિભાજીત ચેતનાના) પુત્રો છે. રાક્ષસો દિતિના (વિભાજીત ચેતનાના) પુત્રો છે. જીવનમાં આ પુણ્ય અને પાપનો સંગ્રામ સતત ચાલી રહ્યો છે તે જ દેવાસુર સંગ્રામ છે. ઝોરોસ્ટેરિયન (પારસી) ધર્મમાં આ જ વાત અહૂરમજદૂના પ્રતીકથી જણાવેલ છે.

વેદમાંનાં કથાનકો મોટા ભાગે આવી માનસશાસ્ત્રીય પ્રક્રિયાનાં પ્રતીકાત્મક રૂપો છે અથવા ખગોળશાસ્ત્રીય કે પ્રાકૃતિક ઘટનાનાં પ્રતીકો.

આવી રીતે વેદ પોતે જ શ્રી અરવિંદ સામે પ્રગટ થયો. સારાંશ, વેદ એ એક માનસશાસ્ત્રીય સાધના પદ્ધતિ દર્શાવતો મહાન આધ્યાત્મિક ગ્રંથ છે, ન કે પ્રાથમિક ધર્મનું માત્ર સાહિત્ય.


## અપીલ

''સહજ-સત્સંગ'' એટલે પૂર્ણ ભાગવત કાર્ય. આ અમૂલ્ય સાહિત્ય હોઈ તેનું ચોક્કસ લવાજમ રાખવામાં આવ્યું નથી. છતાં આ કાર્યનો ખર્ચ પણ ઘણો આવે છે. આપ અમને સહાયરૂપે ઓછામાં ઓછા રૂા.૧૨૫/- મોકલી શકો. આ માત્ર લવાજમ ન ગણતા તે પ્રભુના કાર્ય માટે આપણું નજીવું ''અર્પણ'' છે અને તે આપણા જીવનમાં અધ્યાત્મ-માર્ગે વધુ પ્રગતિ માટે સાધનાનું અંગ પણ બની રહે છે. આપણે પ્રભુને આપેલું ''અર્પણ'' કરીએ.

અમારા આ કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી શ્રદ્ધા છે.

**-ટ્રસ્ટી મંડળ**

**"સહજ-સત્સંગ"**

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## યોગમાં યશસ્વી થવાની શરતો

પ્રકરણ - ૧૯
(ખંડ-૨, પૃ.૮૬-૮૯) (તા.૨૦-૯-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** કેટલાક અયોગ્ય લોકો યોગ તરફ આકર્ષાય છે, જ્યારે કેટલાક યોગ્ય લોકો આકર્ષાતા નથી; તેનું કારણ શું?

**શ્રી અરવિન્દ :** માણસમાત્રની મિશ્ર પ્રકૃતિ છે. તેમાં દિવ્ય અને અદિવ્ય પ્રકૃતિનાં પ્રમાણમાં વ્યક્તિદીઠ તફાવત હોય છે. દરેકના જીવનમાં જ્યારે તેની દિવ્ય-પ્રકૃતિનો કોઈ અંશ તેના સ્વભાવ ઉપર થોડાક સમય પૂરતો પણ પ્રભાવ પાડે છે ત્યારે તે વ્યક્તિ અધ્યાત્મ અને યોગ તરફ વળે છે. પણ તે ઉઘાડ-બંધ થઈ જાય તો તે પાછો હઠી જાય છે. યોગ્ય વ્યક્તિમાં જ્યાં સુધી દિવ્ય-પ્રકૃતિનો ઉઘાડ ન આવે ત્યાં સુધી તે પણ આકર્ષાતી નથી (શાસ્ત્રો આને પુણ્યોદય કહે છે) પણ યોગ તરફ વળેલા દરેકમાં કોઈક તત્ત્વ તો યોગની માગણી કરતું હોય જ છે.

**શિષ્ય :** લોકો તેને પસંદગી પામેલો કહે છે અથવા જેની નિયતિ યોગ કરવાની છે એમ કહે છે.

**શ્રી અરવિન્દ :** તેથી પણ કોઈ વધારે સ્પષ્ટીકરણ મળતું નથી.

**શિષ્ય :** ઘણા યોગ કરવા છતાં પ્રગતિ કરી શકતા નથી તેનું કારણ શું?

**શ્રી અરવિન્દ :** તેમનો ભૌતિક-આધાર નબળો હોવાને કારણે.

**શિષ્ય :** તેની યોગ્યતા ઓછી છે એમ ને?

**શ્રી અરવિન્દ :** યોગ્યતા એટલે શું?

**શિષ્ય :** મને ખબર નથી.

**શ્રી અરવિન્દ :** મને હજી સંપૂર્ણ યોગ્યતાવાળો માણસ યોગ માટે મળ્યો નથી.

**શિષ્ય :** તો યોગમાં યશસ્વી થવાની શરતો કઈ?

**શ્રી અરવિન્દ :** કેન્દ્રસ્થ દિલની સચ્ચાઈ જરૂરી છે. તે હોય તો અન્ય ભાગમાં ન હોય તો પણ તે વિકસાવવાની શક્યતા વધી જાય છે. કેન્દ્રિય-સત્ય એટલે જીવાત્માએ

ધારણ કરી રાખેલ પ્રભુનો સંકલ્પ. તેમાંથી ઊઠતી પ્રેરણાઓ. ચૈત્યપુરુષ સ્વીકારે છે ત્યારે તેમાં કેન્દ્રિય દિલની સચ્ચાઇ પ્રગટ થાય છે. તે ચૈત્યપુરુષ અગ્રભાગે આવે તો અન્ય ભાગોમાં પણ તે ફેલાય છે - જેમ ઊગતા સૂર્યનો પ્રકાશ ફેલાય તેમ. તેવી સચ્ચાઇ આવે તો પ્રકૃતિમાં ગ્રહણશીલતા આવે છે. તે ગ્રહણશીલતાને લીધે પ્રકૃતિનાં દરેક સ્તરે ઉઘાડ આવવા માંડે છે. તેને જ આપણે ઉચ્ચતર શક્તિઓ પ્રત્યે બધી ભૂમિકાઓનું ખુલ્લાપણું કહીએ છીએ. પણ ફક્ત ઉઘાડ જ જરૂરી નથી. આવતી શક્તિને ધારણ કરવાની ક્ષમતા પણ જરૂરી છે.

કેન્દ્રિય અસ્તિત્વ (ચૈત્યપુરુષ) કોઇ પણ તત્ત્વ મારફત યોગની માગણી કરે છે પણ તે માણસની નિયતિ પણ પ્રભાવ પાડે છે. નિયતિ બે પ્રકારની હોય છે - યશસ્વી થવાની અને અયશસ્વી થવાની. તેથી જ્યારે કેન્દ્રિય અસ્તિત્વ માગણી કરે અને પૂર્વકર્માનુસાર નિયતિ પણ મદદરૂપ હોય તો જ યોગમાં સફળતા મળે છે. તેઓ જ સાચા 'પસંદગી પામેલા' કહી શકાય, બાકીના નહીં. પણ યોગ માટેની બધી યોગ્યતા પ્રાપ્ત કરવાની વાટ જોવી તે પણ યોગ્ય નથી. યોગ શરૂ કરી દેવો જોઈએ- તે સફળ ભલે આજન્મે કે ભવિષ્યના જન્મમાં થાય. તેથી ગીતા કહે છે કે પોતાનું કલ્યાણ કરનારની દુર્ગતિ થતી નથી. કલ્યાણ કરનારનો અર્થ સાચા અર્થમાં યોગ કરનાર.

---

(પાના ૧૭ ઉપરથી)

## યોગ વિષે પત્રો

અવિદ્યા અને અજ્ઞાન તો હતું જ. તેને સદંતર નિમૂળ કર્યા સિવાય પરમ-પૂર્ણતા મળવી શક્ય જ નહોતી. તફાવત એટલો જ પડત કે અજ્ઞાન, જે જૂઠાણું પેદા કરે છે તે ન થાત.

વિરોધી બળોની સહુથી મોટી નબળાઈ તેમની દરેક વસ્તુમાં ઉપયોગિતાવાદી દૃષ્ટિ અને ભોગવાદી દૃષ્ટિ. ભોગ ભોગવવામાં ઉપયોગી નીવડે તે જ સાચું, બાકી બધું નકામું. આ તેમનો વિચાર જ ખોટો છે. તેથી જ તેઓ સત્યની દરકાર કરતા જ નથી. તેમના મતે વિકાસનો કોઈ અર્થ નથી. ચેતનાના વિકાસની કોઇ જરૂર નથી.

સાધક જો પોતાના આંતરિક અને બાહ્ય-જીવનમાં પૂરેપૂરી વિશુદ્ધિ રાખે અને વિરોધી બળોના સૂચનોને પ્રતિભાવ ન આપે તો વિરોધી બળો કાંઈ જ કરી શકતા નથી.

અસુરો ખૂબ જ બુદ્ધિશાળી હોય છે. તેમનો સંગ કરવો એટલે પતનને નોતરું આપવા જેવું છે.

પૂર્ણરૂપાંતરમાં આ બધાંનો જ નાશ અથવા રૂપાંતર નિશ્ચિત છે અને તે જ તેમની ગતિ છે.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિ સમાજ પૃ. ૨૯-૩૪)

# એક નૂતન સમાજનુ ઘડતર

### અવતરણો - પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકનું ચાલુ)

## એક સ્વપ્ન

પૃથ્વી ઉપર એવું એક સ્થળ હોવું જોઈએ જેના ઉપર કોઈ રાષ્ટ્ર પોતાની માલિકીનો દાવો ન કરે. તે પ્રભુનો પ્રદેશ ગણાય. ત્યાં આધ્યાત્મિક જીવનની અભીપ્સા કરનાર વ્યક્તિઓ જ રહે. તેઓ કોઈ દેશના નાગરિક નહિ પણ સમગ્ર જગતના નાગરિક હોય. તેઓમાં વર્ણ, વંશ, લિંગ, રાષ્ટ્ર કે ધર્મનો કોઈ ભેદભાવ ન હોય. તેઓ ફક્ત માનવ હોય. પરમસત્તાની જ તેમની ઉપર આણ હોય. તે એક સુમેળભર્યું, આનંદપૂર્ણ સ્થળ બની રહે. તેમાં માણસમાંની લડાયકતાનો ઉપયોગ કરી માનવોનાં દુઃખો, સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવે. વ્યક્તિગત દુર્બળતાઓ, નબળાઈઓ જીતવા માટે કરવામાં આવે. ત્યાં માનવોની ઈચ્છા અને કામનાઓ, આમોદપ્રમોદ અને ભોગવિલાસ નહિ સંતોષાય; પણ આત્માની પ્રગતિ માટે જરૂરી બધી સુવિધાઓ દરેકને આપવામાં આવશે. ત્યાં કેળવણી પ્રમાણપત્રો અને નોકરી માટે નહિ પણ વ્યક્તિની બીજરૂપ શક્તિ અને ક્ષમતાઓ વિકસાવવા અને સમૃદ્ધ કરવા માટે થશે. ત્યાં હોદ્દાને-ઇલ્કાબને મહત્ત્વ નહિ હોય પણ હોદ્દા દ્વારા અન્યોના આત્માને વિકસાવવામાં મદદરૂપ થવાની તક મળશે. ત્યાં બધાંને જ શારીરિક જરૂરિયાતો - અન્ન, વસ્ત્ર, આશરો - સરખા પ્રમાણમાં પૂરી કરવામાં આવશે. વધુ બૌદ્ધિક, નૈતિક આધ્યાત્મિક શક્તિઓ ધરાવતી વ્યક્તિઓ

તેને ઉપયોગ પોતાના સ્વાર્થ માટે, માન - સન્માન માટે, સુવિધાઓ મેળવવા માટે નહિ કરે પણ તે સમાજની વધારે જટિલ, મોટી ફરજો અને જવાબદારીઓ સ્વીકારી પાર પાડવા માટે કરવામાં આવશે. ત્યાં બધી જ કળાઓને સમાન રીતે માણવાની બાહ્ય તક મળશે અને દરેક પોતાની ક્ષમતાનુસાર આનંદ માણી શકશે. તેમાં આર્થિકક્ષમતા અવરોધરૂપ નહિ થાય. અહીં સ્થૂલ સંપત્તિ, ધન, પૈસા ને કે સામાજિક દરજ્જાને મહત્ત્વ નહિ અપાય, પણ વિકસિત વ્યક્તિત્વને મહત્ત્વ અપાશે. કામ જીવનનિર્વાહ માટે નહિ પણ આત્મ-અભિવ્યક્તિ અને સ્વવિકાસ માટે હશે. સાથે સાથે તે સામાજિક-સેવા પણ બની રહેશે. તેના બદલામાં સમાજ તેને જીવન - નિર્વાહની વ્યવસ્થા કરી દેશે અને કામનું પણ ક્ષેત્ર પૂરું પાડશે. ત્યાં માનવી-સંબંધો સ્પર્ધા અને સંઘર્ષમય નહિ હોય પણ સહકાર અને સહાયક હશે. ત્યાં સાચો ભ્રાતૃભાવ હશે.

સારાંશ, ત્યાં આત્માની શુદ્ધ અભિવ્યક્તિઓને જ પ્રાધાન્ય આપી તેને જ પોષવામાં આવશે.

## 'સાવિત્રી'માંનું ભાવિ દર્શન

ઉપરની આધ્યાત્મિક - સમાજની રચના માટે સૂક્ષ્મ જગતમાં શું ઘટના બની રહી છે તેનું અનુભવજન્ય દર્શન શ્રી અરવિન્દે પોતાના સાવિત્રી મહાકાવ્યમાં નીચે મુજબ આપેલ છે :

જ્યાં સ્વર્ગ અને પૃથ્વી જોડાય છે તેવા સૂક્ષ્મ પાર્થિવ જગતમાં શ્રી અરવિન્દને અનેક પ્રકાશમય આત્માઓનાં સમૂહોને ભાવિ-જન્મ લેવા ધસારો કરતાં જોયા. તે સત્યયુગની વહેલી પરોઢનો સમય હતો. પરોઢના શુક્ર જેવા તારા અર્થાત્ વિરલ આત્માઓ પૃથ્વી ઉપર પ્રભુકાર્ય કરતાં હજી ઝળહળી રહ્યા હતા ત્યારે આ ભાવિ આધ્યાત્મિક સમાજનાં પુરોગામીઓના આત્માઓ પોતે નિશ્ચિત કરેલા માતાપિતાને ત્યાં જન્મ લેવાં સૂક્ષ્મ ભૌતિક જગતમાં પ્રવેશી રહ્યા હતા. તે માટે તેમને પોતાની આત્માની વિશાળતા અને અસીમતા ત્યાગીને ગર્ભસ્વરૂપ નાનકડી કોઠડીમાં પુરાવાનું હતું. તે બાળકોની ભ્રમરો વિશાળ અને કમાનહાર હતી. ચેહરા સૌમ્ય અને શાંત હતા. તેમનાં આજ્ઞાચક્રોમાં તેમણે આત્માની

જ્યોતને ધારણ કરી રાખી હતી અને તે જ્યોત સાથે એકરૂપતા સાધી ધ્યાનમગ્ન થએલાં હતા. તેઓ ભાવિ સમાજના સર્જકો હતા. તેઓ હાલનાં ભૌતિક જગતની સંકુચિતતાઓને ભાંગી નાખવાના મક્કમ વિચારો ધરાવતા હતા. નિયતિ તેમના ભાગ્ય કંડારે તે પહેલાં જ સંકલ્પબળે તેને પોતાના પ્રભુકાર્યને અનુરૂપ ઢાળી દેતા હતા. તેઓ પ્રભુએ નિર્માણ કરેલ આ જગત - રચનારૂપી ખાણોમાં હજી ન જડેલાં રત્નો અને સુવર્ણભંડારોને ખોદી હસ્તગત કરવા આવી રહ્યાં હતાં. તેઓ અમર-માનવનાં ઘડવૈયા બનવાનાં હતાં, તેથી તેઓ અમૃતના શિલ્પી સમા લાગતા હતા.

કલિયુગ પૂરો થઈ રહ્યો હતો અને સત્યયુગનાં મંડાણ થયાં હતાં તેવી પરોઢમાં તેઓ નીચે અવતરણ પામી રહ્યાં હતાં. તેમનાં ચેહરા ઉપર આત્માનું અપાર્થિવ તેજ હજી ઝળહળી રહ્યું હતું. તેમની વાણી દ્વારા પ્રભુના જ વિચારો પ્રકટ થઈ રહ્યાં હતાં. તેઓ માનવજાતિના સહુથી વધુ કપરી પળોમાં આવી રહ્યા હતા. કારણ આધ્યાત્મિક - જગતના આગમન સામે આસુરી શક્તિઓએ ઉત્પાત મચાવીને સમગ્ર માનવજાતિને લાચાર કરી દીધી હતી. આ આત્માઓએ તો આત્માનો ભારેલો અગ્નિ ધારણ કરેલો હતો અને સાથેસાથે આત્માના મધુર જામ પણ પી રહ્યા હતા. તેથી તે વિપરીત પરિસ્થિતિનો તેમની ઉપર કોઈ પરિણામ થતો નહોતો. તેઓ ભવિષ્યમાં જે દિવ્ય-કાર્ય કરવાનાં હતાં તેના જાણે તેઓ સ્તવનો ગાઈ રહ્યાં હતાં ! તેઓના આગમનથી કાળ પણ અનુરૂપ થવા મથી રહ્યો હતો. તેઓ દિવ્ય-શક્તિ, દિવ્ય-જ્ઞાન, દિવ્ય-આનંદનાં જાણે પુરોહિતો હતાં. તેઓ માનવોને દેવયાન પંથનો પ્રકાશમય માર્ગ શોધી આપવાના હતા. તે માટે સમગ્ર માનવજાત પ્રત્યે પ્રેમ અને કરુણાનો મહાસાગર હૃદયે ધરીને આવી રહ્યા હતા, જેને કારણે તે વિકટ પરિસ્થિતિના પૂરોને પણ પાર કરી જનારા તરવૈયા બની જવાનાં હતા. જીવનને આત્માનંદથી ભરી દેનારા તેઓ મહાનર્તકો હતા. તેમના આગમનથી પૃથ્વીની પુરાતન અભિલાષા સંતોષાશે અને માનવજાતિનો ઉદ્ધાર થશે. (સંપૂર્ણ)

## યોગ વિષે પત્રો

# પૂર્ણયોગ અને બીજા માર્ગો

(બા.-૧, પૃ.૪૩-૬૫)

# શંકરાચાર્ય અને શ્રી અરવિન્દ

અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અજ્ઞાન આ જગતમાં રહેલા તથા તેનાથી ઊર્ધ્વમાં પણ રહેલા બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાંથી આપણને અટકાવે છે. પૃ.૪૩

૨ શંકરનું જ્ઞાન સત્યનું ફક્ત એક પાસું છે. આધ્યાત્મિક મન દ્વારા સાક્ષાત્કાર કરેલા પરમતત્ત્વનું એ જ્ઞાન છે. પૃ.૪૩

૩ વ્યક્તિએ સક્રિય તેમ જ નિષ્ક્રિય બ્રહ્મ બન્નેનો એક સાથે સાક્ષાત્કાર કરવો જોઈએ. બન્ને પાસાંની એક સરખી વાસ્તવિકતા પણ છે. પૃ.૪૩

૪ આ બીજી બાજુ (સક્રિયબ્રહ્મ) કહી - તેનો શાક્ત-તાંત્રિકોએ વિકાસ કરેલો. પૃ.૪૩

૫ ગીતાના બોધમાં આ વસ્તુનું સૂચન છે. પૃ.૪૪

૬ પુરુષોત્તમ (ઈશ્વર) અને પરાશક્તિ (ઈશ્વરી) બન્ને શાશ્વત છે અને અવિભાજ્ય છે અને સ્વરૂપમાં એક જ છે. પૃ.૪૪

૭ આ અતિમનસજ્ઞાન હજી પ્રાપ્ત થયું નથી. પૃ.૪૪

૮ જો તમે પરમ-ભગવતી મારફતે આગળ જાઓ તો તે તમને નીરવબ્રહ્મની મુક્તિ અને સક્રિય બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવશે. પૃ.૪૪

૯ આપણા યોગમાં કેવળ શુદ્ધ-ચૈતન્ય અને સત્-તત્ત્વના સ્વરૂપનો સાક્ષાત્કાર એક પ્રથમ પગથિયું છે. પૃ.૪૫

૧૦ મન, પ્રાણ,શરીરનું તે ઉચ્ચતર ચેતનાને સમર્પણ કરવું અનિવાર્ય બને છે. પૃ.૪૬

૧૧ ભારતનાં તત્ત્વજ્ઞાનમાં કેટલાંક એવા સ્વરૂપો છે જેઓ એકમેવ વાસ્તવિકતા ઉપર આધાર રાખે છે પરંતુ જગતની વાસ્તવિકતાને પણ માન્ય રાખે છે. પૃ.૪૮

૧૨ પરમવાસ્તવિકતા પોતાની એકતા અથવા વિવિધતાથી મર્યાદિત નથી. પૃ.૪૮

૧૩ દિવ્ય-જીવનનું તત્ત્વજ્ઞાન વાસ્તવિક અદ્વૈત છે. જગત મૂળ વાસ્તવિકતાની અભિવ્યક્તિ છે, તેથી તે સત્ય છે. પૃ.૪૮

૧૪ જે સર્જન કરે છે તે પ્રભુની ચિન્મયશક્તિ છે. પૃ.૪૯

૧૫ સગુણ, નિર્ગુણ..... એક જ વાસ્તવિકતાનાં સમાન બે પાસાં છે. પૃ.૪૯

૧૬ આત્મા કોઈ સંયોજન નથી.... એક અખંડ મૂળતત્ત્વ છે. પૃ.૫૦

૧૭ નિર્વાણ દિવ્ય-જીવન તરફનું એક પગથિયું છે. પૃ.૫૨

૧૮ જો ઉત્ક્રાંતિ..... ચેતનાનો વિકાસ હોય તો તે આધ્યાત્મિક વિકાસ હોવો જોઈએ. પૃ.૫૨

૧૯ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ અહીંનું અસ્તિત્વ મહત્ત્વપૂર્ણ બનાવે છે. પૃ.૫૨

૨૦ બૌદ્ધિક અને પારબૌદ્ધિક વચ્ચે જ્યારે કાંઈક મધ્યસ્થી બનતું હોય ત્યારે તર્કને એક સ્થાન હોય છે. પૃ.૫૪

૨૧ નિર્વાણ સાક્ષાત્કારની શરૂઆત તરીકે નીવડ્યું. પૂર્ણ વસ્તુ પ્રત્યેનું પ્રથમ પગથિયું. પૃ.૫૬

૨૨ એક સત્ય-ચેતના છે - સક્રિય અને સર્જનાત્મક. પૃ.૫૮

૨૩ નિર્વાણ સિવાય એક બીજો માર્ગ છે. અમે તેને સમન્વયનો માર્ગ કહીએ છીએ. પૃ.૫૯

૨૪ નિર્વાણ આત્માની શાંતિ અને મુક્તિ હોય છે. પૃ.૬૦

૨૫ વિવેકાનંદે શંકરના તત્ત્વજ્ઞાનને સુધારા સહિત સ્વીકારતા, જેમાં દરિદ્ર-નારાયણની સેવા મુખ્ય હતી. પૃ.૬૧

૨૬ પુરુષની અનુભૂતિ અને દર્શન બધા જ ભાગો, મન, પ્રાણ, શરીર અને અવચેતનમાં ફેલાવાં જોઈએ. પૃ.૬૩

૨૭ પ્રેમ, ભક્તિ દ્વારા તેઓ લયનો સ્વીકાર કરતા નથી. પ્રભુ સાથેનું શાશ્વત સાંનિધ્ય સ્વીકારે છે, પ્રભુમાં નિવાસ કરવાનું સ્વીકારે છે. પૃ.૬૪

૨૮ (લયના આગ્રહમાં) બે મુદ્દા ભૂલભરેલાં છે : (૧) પરમાત્મામાં પહોંચ્યા પછી આત્મા માટે લય સિવાય બીજી શક્યતા નથી (૨) અવતાર સાથે જીવન ધારણ કરવા જ આત્માએ જન્મ લીધો છે (અન્ય ઉદ્દેશ નથી) પૃ.૬૫

આપણા સ્વરૂપ બાબતનું અજ્ઞાન જ આપણને આપણામાં, જગતમાં અને જગતથી ઊર્ધ્વમાં રહેલા બ્રહ્મતત્ત્વનો અનુભવ લેતા અટકાવે છે.

શંકરાચાર્યે પોતાના માયાવાદના સિદ્ધાંત દ્વારા બ્રહ્મતત્ત્વ નિરાકાર, નિર્ગુણ, અસીમ, અવિકારી, નિષ્ક્રિય, અચલ એવી શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ ચેતના જ છે અને તેની ઉપર આ જગતરૂપી સામૂહિક ભ્રમ રચાએલો છે એ દર્શન સાચું છે, પણ તે સમગ્રજ્ઞાનનું એક પાસું માત્ર છે. બ્રહ્મતત્ત્વ જેમ નિરાકાર, નિર્ગુણ, અચલ છે તેમ સાકાર, સગુણ અને સક્રિય થવાની પણ ક્ષમતા ધરાવે છે. આ બ્રહ્મનાં બન્ને પાસાં સત્ય જ છે અને સમાન મહત્ત્વનાં જ છે.

જેમ શંકરાચાર્યે અચલ પાસાંનો સાક્ષાત્કાર કર્યો તેવી જ રીતે શાક્ત-તાંત્રિકોએ સક્રિય સર્જનાત્મક શક્તિ તરીકે બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરેલો છે.

ગીતામાં આ જ વસ્તુ સૂચવેલી છે. બ્રહ્મ અને તેની ચિન્મય - શક્તિ બન્નેનો મેળાપ પુરુષોત્તમ-ચેતનામાં થાય છે. તે આત્મશક્તિ જ જીવ, જગત અને પ્રભુ સ્વરૂપે પ્રગટ થએલી છે.

તેથી આપણે મા ભગવતી મારફતે જ યોગમાં આગળ વધીને નિરાકાર, અચલ બ્રહ્મ અને સક્રિય સાકાર બ્રહ્મ બન્નેનો સાક્ષાત્કાર કરવાનો છે.

અચલ બ્રહ્મનો સાક્ષાત્કાર એ અંતિમ સાક્ષાત્કાર પ્રત્યે લઈ જનારું પ્રથમ પગલું માત્ર છે.સારાંશ, પૂર્ણયોગ જગતને મિથ્યા કે ભ્રમ માનતો નથી પણ તેના સત્યની જ અભિવ્યક્તિ માને છે. તે સત્ય જ છે એમ માને છે.

આમ, અદ્વૈતના બે પ્રકાર બને છે. માયાવાદી અદ્વૈત જે શંકાચાર્યનો સિદ્ધાંત છે અને વાસ્તવવાદી અદ્વૈત જે પૂર્ણયોગનો સિદ્ધાંત છે. દિવ્ય-જીવનની કલ્પનાનો પાયો આ વાસ્તવવાદી અદ્વૈત છે.

શંકરાચાર્યનું સાચું તત્ત્વજ્ઞાન આજે સમજીએ છીએ તેવું નહોતું એવું કહેનારા વિચારવંતો પણ છે. પરંતુ શંકરાચાર્યે ભક્તિ અને કર્મદ્વારા અંતિમ સાક્ષાત્કાર શક્ય નથી, જ્ઞાનદ્વારા જ શક્ય છે તેવો સિદ્ધાંત મૂકેલ છે જે તેઓ ભક્તિ અને કર્મયોગને ગૌણ માનતા હતા તે સૂચવે છે.

પૂર્ણયોગ તો જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ ત્રણે સમાન દરજ્જે જ છે અને ત્રણેના સમન્વયથી જ પ્રભુનો અંતિમ, સમગ્ર સાક્ષાત્કાર શક્ય છે એમ માને છે.

ભારતના દર્શનશાસ્ત્રોમાં પૂર્ણયોગના જેવી જ ભૂમિકા લેનાર દર્શનો છે. તેઓ જગતને બ્રહ્મચેતનાની જેમ ભેદ અને અભેદથી પર માને છે (ભેદાભેદઃ અતીતઃ) ઉત્ક્રાંતિમાં અભેદ પહેલાં પ્રગટ થાય છે. એકતા પહેલાં પ્રગટ થાય છે. દા.ત.

જડતત્ત્વમાં જ મન, પ્રાણ બીજસ્વરૂપે એકરૂપ થઈને રહેલાં, પાછળથી વિવિધતા આવી. મન, પ્રાણે પોતાની વિશેષતા જાહેર કરી, પણ પરમ તત્ત્વમાં આવો કોઈ પ્રથમ અને દ્વિતીય ક્રમ નથી. ત્યાં બન્ને એકીવખતે સમન્વયમાં રહે છે.

બ્રહ્મતત્ત્વની પોતાની જે સર્જનક્ષમતા છે તેને 'પ્રજ્ઞા' કહે છે. આ જગતનું આયોજન એ પ્રજ્ઞાએ કરેલા પ્રભુના આવિર્ભાવનું આયોજન છે. તેને જ આપણે ઉત્ક્રાંતિ કહીએ છીએ. પ્રજ્ઞાશક્તિ જ્યારે શાંત, નિષ્ક્રિય રહે છે ત્યારે તે નિર્ગુણ ભાસે છે. જ્યારે સક્રિય બને છે ત્યારે 'સગુણ' ભાસે છે. પણ બ્રહ્મતત્ત્વ પોતે નિર્ગુણ કે સગુણ અવસ્થાથી બંધાએલું નથી.

જગતમાંનાં બધાં તત્ત્વો સંયોજનમાંથી રચાયાં છે. મૂળ તત્ત્વ એક જ બ્રહ્મતત્ત્વ અથવા આત્મતત્ત્વ. તે સંયોજન નથી પણ અખંડ એક જ તત્ત્વ છે. મન, પ્રાણ, ભૌતિકતત્ત્વ એ તો પ્રભુની સર્જનશક્તિરૂપ પ્રજ્ઞાએ લીધેલાં વિવિધ સ્વરૂપો માત્ર છે.

ગૌતમબુદ્ધે નિર્વાણને ખૂબ જ મહત્ત્વ આપ્યું. સંસ્કારોનો અખંડ પ્રવાહ આપણા મનમાં અખંડ વહેતો હોય છે. તેને શાંત કરી દેવો તે જ નિર્વાણ છે. આપણા યોગમાં નિર્વાણ એ અવસ્થાની જરૂર છે. મન નીરવ ન થઈ જાય ત્યાં સુધી તે પરમ-ચેતનાની નીક બની શકતું નથી, તેથી દિવ્ય-જીવન તરફનું એક પગથિયા તરીકે આપણે નિર્વાણને માન્ય રાખીએ છીએ. તે મનની ખોટી ગતિઓમાંથી મુક્તિ અપાવે છે અને ત્યાં સાચી ગતિઓ મૂકવાની પૂર્વભૂમિકા રચે છે. પ્રાણીમાત્રમાં પરમ-ચેતનાને કાર્ય કરતી અનુભવવી એ દર્શન નિર્વાણ પછી જ આવે છે.

ઉત્ક્રાંતિ એક લાંબાગાળાની ચેતનાના વિકાસની પ્રક્રિયા છે અને માનવ-આયુષ્ય તે દૃષ્ટિએ ખૂબ જ ટૂંકું છે. તેથી ચેતનાના અખંડ વિકાસ માટે આપણે પુનર્જન્મની ઘટનાને માન્ય રાખીએ છીએ. માનવ જન્મેજન્મે ચેતનાના વિકાસ માટે જ જન્મે છે. ચેતનાનો વિકાસ એ જ ઉત્ક્રંતિ છે.

શંકરાચાર્યે તાર્કિક રીતે બૌદ્ધના સિદ્ધાંતને અંતિમ કક્ષાએ લઈ ગયા અને માયાવાદ માન્ય કર્યો. તર્કનું જીવનમાં મહત્ત્વ પણ તે ભૌતિક જીવનમાં જ છે. પારબૌદ્ધિક જીવનમાં બુદ્ધિનું સ્થાન ગૌણ બની જાય છે. પારબૌદ્ધિક અનુભવોને સત્ય માની તેમની સમજણ કેળવવી એ તેનું કાર્ય છે. ભૌતિક સત્યોના આધારે પારબૌદ્ધિક અનુભવોને સમજાવવાનો પ્રકાર એ બુદ્ધિનું ખોટું કાર્ય છે, પાર-બૌદ્ધિક અનુભૂતિનાં શારીરિક, પ્રાણમય, મનોમય પરિણામો હોય છે. પણ તે બધાં પેલી પાર-બૌદ્ધિક અનુભૂતિનાં પરિણામો છે, કારણો નથી. કારણો સમજીને સ્પષ્ટીકરણ આપવું એ ઘોડાની આગળ ઘોડાગાડીને મૂકવા જેવું છે. ઘોડો ગાડીને ખેંચે છે. ગાડી

ઘોડાને ખેંચતી નથી.

નિર્વાણનો ખાલીપો ઊર્ધ્વમાંનાં સત્યોની અનુભૂતિથી ભરાવા માંડે છે. જગતો પણ ભ્રમ ન લાગતા વાસ્તવિક લાગવા માંડે છે. તેઓ પ્રભુના આવિર્ભાવો તરીકે સત્ય લાગવા માંડે છે.

'પ્રાજ્ઞ' અવસ્થા એટલે પ્રજ્ઞાને પ્રગટ રીતે ધારણ કરતી અવસ્થા. પણ શંકરાચાર્યે તેને સુષુપ્તિની, સમાધિની અવસ્થામાં જ શક્ય છે એમ જણાવેલ છે કારણ તેમના મતે પ્રાજ્ઞ એ સુષુપ્તિની અવસ્થાનો એક અંશ, પાસું છે. પણ અનુભવ એ છે કે ગીતા જણાવે છે તેમ સહજ જીવન જીવતા જાગૃત માણસમાં પણ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે. તે 'સ્થિતપ્રજ્ઞ' બની શકે છે. સારાંશ, શંકરાચાર્યના સિદ્ધાંતો ખોટા નથી. તેને પણ મહત્ત્વ આપવું જ જોઈએ. પણ તે અંતિમ-સત્ય નથી, એટલું જ ધ્યાન રાખવાનું છે.

નિર્વાણ આત્માની શાંતિ અને મુક્તિ છે. આપણો યોગ બધાં જ સત્યોની જેમ આને પણ સ્વીકારે જ છે.

વિવેકાનંદે શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનને શરતી સ્વીકાર્યુ. તેમણે જગતને સત્ય માની તેમાં દરિદ્રી-નારાયણની સેવાનું પાસું ઉમેર્યું.

શંકરાચાર્ય ચિત્તશુદ્ધિને મહત્ત્વ આપતાં પણ કર્તાભાવનો નાશ કરવાની જરૂરિયાત તરીકે. તેથી તેમણે રાજયોગ પણ માન્ય કરેલો જેમાં ચિત્તવૃત્તિનો નિરોધ કરીને ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરાય છે.

આપણે આત્મતત્ત્વના અનુભવને મન, પ્રાણ શરીર પણ અનુભવે એવો આગ્રહ રાખીએ છીએ, જેથી પ્રભુના આવિર્ભાવના આપણે કેન્દ્ર અને કરણ બની શકીએ.

પૂર્ણયોગમાં આપણું શરીર પણ આપણી ચેતો-વિસ્તારમાંની નાનકડી વસ્તુ લાગે છે. તેવું જ મન અને પ્રાણ બાબત છે. બ્રહ્મચેતનામાં લય એ આપણી અંતિમ ગતિ નથી પણ બ્રહ્મ-ચેતનાને મન, પ્રાણ, શરીરદ્વારા પણ પ્રગટ કરવી એ આપણી અંતિમ ગતિ છે; તેથી નીચેની બન્ને માન્યતાઓને આપણે માન્ય કરતા નથી : (૧) પરમાત્માના સાક્ષાત્કાર પછી પરામાત્મામાં લય પામી જવું એ જ એક માર્ગ બાકી રહે છે. (૨) વ્યક્તિ અવતાર સાથે જીવન જીવવા જ થોડો કાળ પોતાની લયની પ્રક્રિયા સ્થગિત કરી રાખે છે પણ તે પ્રાસંગિક વસ્તુ જ છે. અંતે તો તેણે પ્રભુમાં લય પામીને નિર્વાણમાં જ ચાલ્યા જવાનું છે.

શંકરાચાર્યે પોતાના સિદ્ધાંતો ઊર્ધ્વ મનસમાં રહીને જ રચેલાં. અતિમાનસમાં તે જ વાસ્તવિકતાનો જુદો અર્થ જણાય છે જે શ્રી અરવિન્દે દર્શાવેલો છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

## અક્ષરપુરુષનો સ્વભાવ

પ્રકરણ - ૧૪

વિવસ્વાન સૂર્યનાં ત્રણ સંતાનો - યમ, યમી અને શનિ. આ પ્રસંગ યમ અને યમી આ બે ભાઈ-બહેન વચ્ચેનો છે. યમ યાનો યમી બન્ને યુવાન થયાં. યમીને લગ્ન કરવાની ઝંખના જાગી પણ તેના મનનાં આદર્શ હતાં દિવ્યજ્ઞાતા પિતા સૂર્ય નારાયણ અને તટસ્થ, નિરપેક્ષ શાસન કરનારા બંધુ યમ. પોતાને આવા જ પુત્રો મળે એ તેની આંતરિક ઇચ્છા. તેથી કોઇ યુવાન ઉપર આંખ ઠરે નહિ, તેથી તે અતૃપ્તની અતૃપ્ત જ રહી.

એક દિવસે તેણે પોતાના ભાઇ પાસે પોતાની ઇચ્છા વ્યક્ત કરીઃ તારા જેવો પુત્ર મને જલદી આપ. જોઈએ તો આપણે લગ્નગ્રંથીથી જોડાઇ જઇએ. યમે ભાઇ-બહેન વચ્ચે આવા સંબંધ થાય નહિ એવી દલીલ કરી તેની ઇચ્છાને ઠુકરાવી અને સાચો ઉપદેશ આપ્યો.

અહીં પ્રસંગ પૂરો થાય છે.

યુરોપિયન લેખકોએ આ પ્રસંગને ખૂબ જ ચગાવ્યો છે. આર્યોમાં શરૂઆતમાં સગા-ભાઈ-બહેન વચ્ચે પણ લગ્ન થતાં તે પછી તે નિષિદ્ધ ગણાયો વગેરે વગેરે.

આ આખ્યાન રૂપકાત્મક છે. તેનું રહસ્ય નીચે મુજબનું છેઃ પુરુષ અને પ્રકૃતિ આ બન્ને તત્ત્વો એક જ પરમ-ચેતનામાંથી જન્મ્યા, તેથી તેઓ ભાઈ-બહેન થયાં. પ્રકૃતિની કાયમ કામના હોય છે કે પુરુષ તેના વિકારોમાં જ રસ લઇને ભોક્તા બની રહે, પણ પ્રભુએ પુરુષને શાસક (યમ) અને પ્રકૃતિને શાસિત (યમી) તરીકે જ નિર્માણ કરેલા છે. યમ એટલે નિયમન કરનાર. યમી એટલે નિયંત્રિત થનાર.

યમ રાજા સાચા પુરુષતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તે પ્રકૃતિના ગુણધર્મોથી નિર્લેપ છે પ્રકૃતિએ રૂપાંતર પામીને જ પોતાનું જીવન સાર્થક કરવાનું છે. હાલનું અશુદ્ધ, વિકારી સ્વરૂપ પુરુષને માન્ય નથી.

યમ અક્ષરપુરુષ રૂપે પ્રકૃતિથી તદ્દન અલિપ્ત અને નિર્લેપ છે. તે સાક્ષીભાવે જોતો હોય છે. આ યમની ભૂમિકા છે.

મૂળ તો અક્ષરપુરુષનાં સ્વભાવ - લક્ષણો દર્શાવવા આ આખ્યાન આવેલું છે.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## ઈન્દ્ર વિદ્યા

પ્રકરણ-૩૮ (બાલ્કલ ઉપનિષદ)

ઈન્દ્ર મેષ (ઘેટાં)નું રૂપ લઈને કણ્વપુત્ર મેઘાતિથિ ઋષિ પાસે ગયો અને તેને પોતાની સાથે સ્વર્ગમાં લઇ ગયો. ત્યાં મેઘાતિથિએ ઇન્દ્રને તેના સાચા સ્વરૂપ બાબત જાણવાની ઇચ્છા દર્શાવી, તેથી ઇન્દ્રે પોતાનું સાચું સ્વરૂપ દર્શાવ્યું.

ઈન્દ્ર એટલે પ્રકાશમય મન, અને મેઘાતિથિ એટલે મેઘા - શક્તિનો આશ્રય લઇને જીવનાર સાધક. બ્રહ્મતત્ત્વની શક્તિને 'પ્રજ્ઞા' કહે છે (પ્રજ્ઞાનં બ્રહ્મ) તે જ્ઞાન અને સર્જનની શક્તિ છે. તે જ્યારે નીચે અવતરણ પામી મનનો કબજો લે છે ત્યારે તેને નરમેઘ-યજ્ઞ કહે છે. તે જ્યારે પ્રાણનો કબજો લે છે ત્યારે તેને 'અશ્વમેઘ' યજ્ઞ કહે છે અને જ્યારે તે પાર્થિવ તત્ત્વનો કબજો લે છે ત્યારે તેને ધર્મમેઘ યજ્ઞ કહે છે. આ સમગ્ર રીતે સાધકના આધારની (મન,પ્રાણ,શરીરનાં) રૂપાંતરની જ પ્રક્રિયા છે. મેઘ એટલે વિશુદ્ધ કરવું, રૂપાંતર કરવું.

આવા મેઘાવી સાધકની ચેતનાનું પ્રકાશમય મન પરમ-ચેતનારૂપી સ્વર્ગ પ્રત્યે આરોહણ કરાવે છે. આ આરોહણમાં પ્રથમ સાધકની ચેતના નીચેની ચેતનાનાં સ્તરો છોડતો જાય છે અને ઊર્ધ્વ-ચેતનાના સ્તરે ચડતો જાય છે. આવી ત્યાગ કરવાની પ્રક્રિયાને જ વેદોમાં 'પ્રવર્ગા' અથવા 'મેષ' કહે છે (ઉન્મેષ આ શબ્દ ગુજરાતીમાં પણ છે) જ્યારે તે નીચેની ચેતના-સ્તરોને જોડતો જાય છે ત્યારે તેને 'સંવર્ગ' કહે છે. ચેતનાના વિકાસમાં પ્રવર્ગ્ય અને સંવર્ગ બન્ને પ્રક્રિયાઓનો ઉપયોગ કરાય છે.

આ મુજબ ચેતનાનો વિકાસ થતાં થતાં જ્યારે બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ત્યારે જ ઇન્દ્રનું સાચું સ્વરૂપ સમજાય છે એમ આ ઉપનિષદ જણાવે છે.

ઈન્દ્રે સ્વર્ગમાં પહોંચ્યા પછી મેઘાતિથિ ઋષિને જે પોતાનું મૂળ સાચું સ્વરૂપ દર્શાવ્યું તે નીચે મુજબનું છે :

ઈન્દ્ર જણાવે છે કે તે જ્યોતિર્મય લોકમાં રહે છે. તે પ્રકાશમય છે. તે બધાંમાં છે તેથી બધાંને જુએ છે (નૃચક્ષાઃ) તે વિજેતા શક્તિ છે (સાસહિઃ) તે યજ્ઞસ્વરૂપ છે (વૃષભઃ) તે તપથી મળતો નથી પણ જે ચિત્તમાં ઋત્‌ની અર્થાત્ પ્રભુના સંકલ્પને

જીવનમાં સાકાર કરવાની સાધના કરે છે તેને જ પ્રાપ્ત થાયછે.

ઈન્દ્ર કોઈ નિશ્ચિત દિશામાં નથી. તે બધે જ છે. ઈન્દ્રને ચિત્તમાં સ્થાપિત કરવાથી જ સાધક પ્રતિષ્ઠિત (સ્થિર) થાય છે. શરીરમાંના કોષોને અચિત્‌થી આવૃત કરનાર વૃત્રાસુરનો વધ ઈન્દ્ર જ કરે છે. ઈન્દ્રે જ જડપાર્થિવ તત્ત્વરૂપી પર્વતોને ફોડીને તેમાં રહેલી જલધારારૂપી ભાવનાઓને પ્રગટ કરી છે. ઈન્દ્રે જ વિવિધ પ્રાણીનાં રૂપો લીધાં છે. તે વિશ્વનિયંતા અને સર્વાન્તરર્યામી છે. આ સમગ્ર સંસાર ઈન્દ્રે આરંભેલા યજ્ઞ-પ્રક્રિયાને કારણે જ ટકી રહેલ છે (અયં યજ્ઞો ભુવનસ્ય નાભિઃ) ઈન્દ્ર જ વેદ અને રયિનો જાણકાર છે. વેદ એટલે જ્ઞાન અને તે જ્ઞાનની મદદથી નવસર્જન કરવાની ક્ષમતા એ રયિ. અર્થાત્ ઉત્ક્રાંતિની પ્રક્રિયા એ જ રયિ છે. ઈન્દ્ર જ જીવન ધારણ કરનારમાં જાતવેદસ્ (ચૈત્યપુરુષ) રૂપે રહેલો છે. તે જ શરીરમાંના પ્રકાશ સ્વરૂપ અગ્નિ છે. તેણે જ અનંતરૂપો ધારણ કરેલાં છે. વિશ્વ તેનો જ વિસ્તાર (વિતાન) છે. તેને ઈન્દ્રિયો જાણી શકતી નથી. તે નથી સ્થાવર (સ્થિર) નથી જંગમ (ગતીશીલ) તે અન્ન છે અર્થાત્ વિષયભોગ છે. તે ઋત્‌ને ધારણ કરીને રહેલો છે. તમારું રૂપ તેનું જ છે. સરળહૃદયી જ તેને જાણી શકશે. તે સાક્ષીભાવ સ્વરૂપ હંસ છે. તે પુરાણ (પ્રાચીન) છે, તે વિશ્વતો મુખ (સર્વ સ્વરૂપ) છે સમગ્ર ભુવનો તેના જ રૂપ છે.''

(પાના ૪૫ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

ધીમે પ્રગટ થવું છે, તેથી તેણે સ્વેચ્છાએ અવ્યક્ત રહેવાનો સંકલ્પ કરેલ છે. અકસ્માત થઈને બ્રહ્મની ઈચ્છા નહોતી છતાં તે અવ્યક્ત બની ગયું નથી. જગતમાં કોઇ વસ્તુ અકસ્માત હોતી નથી. દરેકનું આયોજન પ્રભુની પ્રજ્ઞાશક્તિ કરે છે. તે આયોજનનો પરિણામ આપણને અકસ્માત લાગે છે, કારણ આપણને આયોજનની ખબર નથી.

દરેક ભ્રમની પાછળ પણ આવો સજ્ઞાન આયોજનબદ્ધ સંકલ્પ હોવાથી ત્યાં કારણ - કાર્ય ભાવનો તંતુ જળવાતો જ હોય છે. સાચું એ છે કે જગત તો સાચું જ છે તેનું જે દર્શન આપણને થાય છે અને તેથી જે સમજણ આપણે કેળવીએ છીએ તે ખોટી છે. પરમ-ચેતના અવ્યક્ત હોવાથી તેની બાબત જે અણ-સમજણ રહે છે તે જ આપણા ભ્રમનું કારણ છે. ભ્રમ વ્યક્તિગત અક્ષમતાને કારણે થાય છે ન કે વાસ્તવિક વસ્તુને કારણે. વસ્તુઓ તો સત્ય જ છે - તે બાબતની નાસમઝી એ જ ભ્રમ પેદા કરે છે, જે તે વ્યક્તિની નબળાઈની નિશાની છે, ન કે જગતની.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૪૫-૧૫૧)

અવતરણો                  પ્રકરણ - ૨૨

## પ્રભુકૃપાનું કાર્ય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 All the circumstances of life are arranged to teach us that, beyond mind, faith in divine Grace gives us the strength to go through all trials. P.145

2 It is Faith that cures. P.145

3 Faith is an exclusively psychic phenomenon (It is the movement of the soul). P.146

4 The psychic has the true knowledge (a perception by identity). P.146

5 You can bring it (Faith) into your mental - vital - physical, and then you have an integral faith. P.146

6 Pure in it self faith can get mixed up in the being with low movements and then..... you are misled. P.146

7 "Mother will do everything, so I will do nothing" - that is not a dynamic but static and inert faith. P.147

8 You have faith..... but you don't have the experience..... because, the faith is not pure. P.147

9 Faith (means) experience of divine Presence within us. P.147

10 Personal effort too was a grace. P.147

11 (Dynamic faith means) One must watch over the Fire, throw into it the fuel of all the errors one wants to get rid off. P.148

12 Faith is the most direct expression of the Divine Powers which comes to fight and conquer. P.148

13 We must learn to rely only on the Divine Grace and to call for its help in all circumstances. P.148

14 (Divine intervention) It manifests as one grows out of the of Ignorance into the Law of Light. P.149

15 The divine grace is..... all pervading act of divine presence which we come to know within. P.149

16 You will never be able to grasp to what extent the Grace does everything. P.150

17 As soon as you are in contact with it (Grace) there is not a second..... a point in the space which does not show you dazzlingly the perpetual work of the Grace. P.150

18 If one were in union with this Grace..... one would begin living a life of exultation. P.150

19 From all times this Grace has been at work. P.150

20 When you open to the Spirit within you, it brings you..... higher life which alone is worth-living. P.150

જીવનમાં આવતી સર્વ સમસ્યાઓ મનની શક્તિથી ઉકેલી શકાતી નથી. મનની ઉપરના ક્ષેત્રમાં પ્રભુકૃપામાં વિશ્વાસ કામ કરે છે. જીવનમાંની ઘટનાઓનું આયોજન આ વસ્તુ શીખવવા જ કરેલ છે. તેમાં આપત્તિ અને ઉત્કર્ષ બન્ને આવી જાય છે. શ્રદ્ધા જ રોગમાંથી ઉગારે છે. શ્રદ્ધા એ ચૈતસિક ઘટના છે. તે મનોમય કે પ્રાણમય કે પાર્થિવ નથી પણ તે ચૈતસિક શ્રદ્ધા નીચે અવતરણ પામી મન, પ્રાણ, શરીરમાં પણ પોતે સ્થિર બનતી દેખાય છે. તેથી જ તે મનોમય કે પ્રાણમય છે એવી ગેરસમજ નિર્માણ થાય છે. ચૈત્યપુરુષને સત્યજ્ઞાન પ્રાપ્ત કરવું સહેલું જણાય છે કારણ તે આંદોલનો ઉપરથી સત્ય-અસત્યને તરત પકડી પાડે છે. તેમાં આંતરપ્રેરણાત્મક જ્ઞાન છે. તેને પ્રયોગો નિરીક્ષણ કે તર્ક દ્વારા સત્યને મેળવવું પડતું નથી. શ્રદ્ધા એ આત્માની એક સ્વાભાવિક અવસ્થા કે કાર્ય છે તેમાં ચૈત્યપુરુષ સામેની વસ્તુની ચેતના સાથે એકરૂપ થઈ જાય છે. તે વસ્તુની ચેતનામાં પ્રભુનો તે વસ્તુના સાચા સ્વરૂપ બાબતનો સંકલ્પ પડેલો હોય છે, જે તે વસ્તુને આંદોલનો નિર્માણ કરીને માર્ગદર્શન આપતો હોય છે. ચૈત્યપુરુષ તે વસ્તુની ચેતના સાથે એકરૂપ થઈને તે સંકલ્પનાં આંદોલનોને પોતાની આંતરપ્રેરણાથી ઓળખી લે છે અને તે વસ્તુ બાબતનું સત્ય જ્ઞાન મેળવી લે છે. દરેક વસ્તુમાં પ્રભુની હાજરી હોય છે તેમાંથી ઊઠતાં આંદોલનો જ તે વસ્તુનું સ્વરૂપ રચતા હોય છે.

લોકો કહે છે કે તેમને શ્રદ્ધા છે પણ શ્રદ્ધા ઉપર મુજબ કેવી રીતે કાર્ય કરે છે તેનો અનુભવ નથી. તેનું સીધેસીધું કારણ એ છે કે તે શ્રદ્ધા હજી પૂરેપૂરી શુદ્ધ નથી અને તેથી ચૈતસિક નથી.

આપણા જીવનમાં સારું-નરસું બને છે તે પ્રભુની કૃપા જ હોય છે. તેમની દ્વારા પ્રભુ આપણી ચેતનાને મઠારી દિવ્ય કરતો હોય છે. તેને પોતાના સંકલ્પ મુજબ ઘાટ

આપતો હોય છે. આ ઘાટ રચવામાં આંતરપ્રેરણાથી આપણે જે પ્રયત્નો કરીએ છીએ તે પણ પ્રભુકૃપાના કારણે જ એ સમજી લેવાની જરૂર છે.

શ્રદ્ધા બે પ્રકારની હોય છે- સક્રિય અને નિષ્ક્રિય. સક્રિય શ્રદ્ધામાં આપણે આપણા ચૈત્યપુરુષના પ્રકાશમાં આપણી સાધનામાં નડતરરૂપ પુરવાર થતી ભૂલોને તેમાં ધરીને તેનો નાશ કરીએ છીએ, તેથી સક્રિય શ્રદ્ધા ચેતનાનો વિકાસ-કરતી હોય છે. જ્યારે નિષ્ક્રિય શ્રદ્ધામાં આવો વિકાસ જણાતો નથી. તે ફક્ત પ્રાપ્ત ચેતનાના તબક્કાને ટકાવી રાખવાનું કામ કરે છે, તેથી શ્રદ્ધા એ ખરેખર પ્રભુની શક્તિ કાર્ય કરી રહી છે તેના આવિર્ભાવ સ્વરૂપ હોય છે. ચેતના સંઘર્ષ કરીને કાંઈક જીતવાનો સંકલ્પ કરે છે. તે જ શ્રદ્ધા સ્વરૂપે ચૈત્યપુરુષમાં પ્રગટ થાય છે. તેની મદદ માટે પોકારવાનો અભ્યાસ કરવો જરૂરી છે. પણ આ શ્રદ્ધા માણસની અજ્ઞાનમય અવસ્થામાં પ્રગટ થતી નથી પણ તેની જ્ઞાનમય અવસ્થામાં પ્રગટ થાય છે. અજ્ઞાનમય અવસ્થામાં તે પડદા પાછળ રહીને કાર્ય કરે છે.

શ્રદ્ધા એ કોઈ ચમત્કાર કે ગૂઢ શક્તિનું કાર્ય કે સ્પર્શ નથી પણ સર્વત્ર રહેલ પ્રભુની હાજરીના કાર્યનું એક પરિણામ છે. ચૈત્યપુરુષના સમર્પિત ભાવની તે નીપજ છે.

શ્રદ્ધા જીવનમાં કેટલી મહત્ત્વની છે, તેનો અંદાજ ભલભલા યોગીઓને પણ આવતો નથી. શ્રદ્ધા જ બધું કરે છે. ચૈત્યપુરુષની શ્રદ્ધા જ તેની પ્રકૃતિને શુદ્ધ કરીને દિવ્ય ઘાટ આપવા સમર્થ કરે છે. આ શ્રદ્ધા સાથે એકરૂપતા સાધતા જ ચૈત્યપુરુષનો સમર્પિતભાવ વધી જાય છે અને તેથી પ્રભુની પ્રકાશમય દિવ્ય-શક્તિઓ ઘસારા સાથે ચૈત્યપુરુષમાં અવતરણ પામી તેના સાધનરૂપ મન, પ્રાણ, શરીરમાં પણ પ્રવેશે છે. તે વખતે સમગ્ર ભૌતિક શરીર પણ આંતરિક પ્રકાશથી ઝળહળી ઊઠ્યું છે એવો અનુભવ ચૈત્યપુરુષને થાય છે. તેને તે જ પ્રકાશ સમગ્ર જગતમાં પણ ફેલાએલો અનુભવાય છે. આવી ચેતનામાં વ્યક્તિ એક પ્રકારના તીવ્ર દિવ્ય-આનંદમાં જીવતો હોય છે તેની ચેતના ઊર્ધ્વ-પ્રદેશમાં ક્યાંક સ્થિર થએલી તેને લાગે છે. શરીર આંતરપ્રકાશથી વધારે ચેતનાસભર લાગે છે.

પ્રભુની કૃપા આ રીતે શ્રદ્ધા દ્વારા કાર્ય કરતી હોય છે અને તે આવા કાર્ય તો જગતની ઉત્પત્તિના સમયથી કરતી જ આવી છે. આ વખતે ચૈત્યપુરુષે પોતાને સમગ્ર રીતે પ્રભુ સામે ધરી દીધેલો હોય છે.

દિવ્ય-જીવનને કંડારવાનો આ જ માર્ગ .

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૫-૪૬) - પ્રકરણ-૧૬

## નિરાધાર ભ્રમ શક્ય નથી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**વિશ્વમાં અકસ્માત જેવું કાંઈ નથી, ભ્રમનો વિચાર એ પોતે જ એક ભ્રમ છે. માણસના મનમાં હજી લગી એવો એક પણ ભ્રમ ઊભો થયો નથી કે જેની પાછળ કોઈ સત્ય ગુપ્તરૂપે આવી ન રહેલું હોય (૧૬)**

* * *

''માતાજી, ભ્રમનો વિચાર એ પોતે ભ્રમ છે એનો અર્થ શું?''

''બેટા, ભ્રમ બાબત લોકોના બે મત છે. એક, એ કે ભ્રમ પાછળ કોઈ નક્કર સત્ય હોતું જ નથી. તેને કોઈ સત્યનો આધાર જ નથી. બીજો, એ કે ભ્રમ પણ કોઈ સત્ય ઉપર જ આધાર રાખે છે. ફક્ત આપણે તે સત્યને ખોટી રીતે, વિકૃત રીતે સમજ્યા છીએ તેથી ભ્રમ નિર્માણ થયો છે.

આપણે એમ માનીએ છીએ કે દરેક વસ્તુ પાછળ પરમ-ચેતના, સત્-ચેતના છે જ. તેના આધાર વગર જગતમાં કોઈ અસ્તિત્વ જ શક્ય નથી. શંકરાચાર્યે આ અર્થમાં જગતને ભ્રમ ગણાવ્યું છે. પરમ-ચેતના સ્વરૂપ બ્રહ્મ છે. તેના આધારે જ જગતરૂપી ભ્રમ નિર્માણ થએલ છે. આપણે જગતને જેવું સમજીએ છીએ તેવું જગત નથી. તે પોતે બ્રહ્મતત્ત્વનાં જ રંગરૂપો છે એ જ વાસ્તવિકતા છે પણ આપણે જગત જોતી વખતે બ્રહ્મતત્ત્વને જોઈ શકતા નથી એ જ ભ્રમનું હાર્દ છે.

શ્રી અરવિન્દ કહે છે કે છે આવો વિચાર કે જગત ભ્રમ છે તેવો વિચાર જ ભ્રમ છે. કારણ આ પ્રકારે પ્રભુએ જ આયોજન હેતુપૂર્વક કરેલ છે. તે હેતુપૂર્વક અવ્યક્ત બની ગયો છે અને તેથી આપણે તેને જાણી શકતા નથી તે કોઈ અકસ્માતને કારણે નહિ, પણ પૂર્ણ આયોજન તરીકે પ્રભુને ઉત્ક્રાંતિ દ્વારા ધીમે

(અનુ.પાના ૪૧ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

## મોહે ચાકર રાખોજી

(પૃ.૧૪૫-૧૪૬)

મહંમદ પયગંબર મિત્ર સાથે વાત કરી રહ્યાં હતાં.

''જુઓ, હું તો નોકરોની જેમ જમવા ઉભડક બેસું છું. તેમની જેમ જ ખાઉં છું. કારણ હું પણ નોકર જ છું... અલ્લાહનો''

''ગરીબોની જેમ હું પણ ગધેડા ઉપર બેસીને જ પ્રવાસ કરું છું. એક ગરીબ અભણ નોકર..... અલ્લાહનો''

એક વખત એક સભામાં મહંમદ સાહેબને જવાનું થયું, પણ થોડા મોડા પહોંચ્યા. સભા શરૂ થઈ ગઈ હતી, તેથી મહંમદ સાહેબ છેલ્લે એક ખૂણામાં બેસી ધ્યાનથી સાંભળવા લાગ્યા. તેમની તરફ કોઈનું ધ્યાન નહોતું.

ત્યાં એક આરબ આવી પહોંચ્યો, તેણે મહંમદ સાહેબને આમ બેસેલા જોયા. તે બોલ્યો, ''પયગંબર, આપ આમ એક મામૂલી આદમીની જેમ બેઠા છો ?''

''ભાઈ, હું તો મામૂલી ઈન્સાન જ છું, મારાં અલ્લાહનો નોકર. મને તો આમ જ રહેવું પોસાય.''

તે પછી થોડા દિવસની ઘટના. મહંમદ સાહેબ તો અરબસ્થાનનાં બાદશાહ હતાં. તેમને મળવા કુરેશી જાતિનો મુખી આવેલો અને ગંભીર વાત ચાલી રહી હતી. ત્યાં અબ્દુલ્લા નામનો એક આંધળો ત્યાં ચડી આવ્યો અને બોલ્યો :

''મહંમદ સાહેબ, મારે તમારા કંઠે કુરાનની આયતો સાંભળવી છે અને તે પણ હમણાં જ.''

મહંમદ સાહેબે તેને થોડીવાર પછી આવવા કહ્યું. પણ તે તોછડાઈથી બોલવા લાગ્યો. તેને લાગ્યું મહંમદ સાહેબ એકલા જ છે અને અભિમાની બની ગયા છે.

મહંમદ સાહેબે દ્વારપાલને બોલાવી તેને લઈ જવા કહ્યું. અબ્દુલ્લા ગાળો આપી રહ્યો હતો. વાત પૂરી થયા પછી પેલો મુખી જતો રહ્યો. મહંમદ સાહેબે અબ્દુલા પાસે જઈને પોતે માફી માંગી.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## શું સ્વાતંત્ર્ય અને શિસ્ત પરસ્પર-વિરોધી છે ?

પ્રકરણ - ૧૮

(Lights for students - P. 104-107)

૧ મન ચંચળ અને અસ્પષ્ટ હોય છે. તેને શિસ્તથી અને એકાગ્રતાથી વ્યવસ્થિત કરવું પડે છે. તે જ તપ છે. પૃ.૧૦૪

૨ પોતાના જીવનનો આદર્શ નક્કી કરવા સ્વતંત્ર - મનની જરૂર છે. પૃ.૧૦૪

૩ મન અસ્પષ્ટ હોય તો આપણા મન ઉપર છાપ રહે છે, પણ વસ્તુનું જ્ઞાન મળતું નથી. પૃ,૧૦૪

૪ સંકલ્પના વિકાસ પામતી હોય ત્યારે, મને તે મકાનના જે સુધારા - વધારાની નોંધ કરેલી હોય છે તેની સ્પષ્ટતા વર્ગીકરણ, વિશ્લેષણ અને એકાગ્રતાથી આવે છે. પૃ.૧૦૫

૫ શાળાની શિસ્ત પાળ્યા વગર શિક્ષણ મળતું નથી. શિસ્તથી પોતાની ઉપર નિયંત્રણ આવે છે. નહીં તો તે પોતાની શીઘ્ર પ્રેરણાઓનો જ ગુલામ બની રહેત. પૃ.૧૦૬

૬ સાચી શિસ્ત તો હૃદયમાં પ્રભુની હાજરી વર્તાવા માંડે ત્યારે જ પ્રાપ્ત થાય છે. પૃ.૧૦૬

૭ સ્વાતંત્ર્ય એટલે કાંઈપણ કરવાનું લાયસન્સ (પરવાનો) અને નબળા ચારિત્ર્યની છૂટ નથી. પૃ.૧૦૭

૮ અર્થ સમજ્યા વગરના મોટામોટા શબ્દો બોલવાથી ચારિત્ર્યવાન બની શકાતું નથી. પૃ.૧૦૭

૯ સ્વાતંત્ર્યને વિકસવા શિસ્તની જરૂર છે, પરંતુ સ્વયં - શિસ્ત એ સાચા સ્વાતંત્ર્યનું પરિણામ છે. પૃ.૧૦૭

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જાન્યુઆરીનાં ૨૦૧૨ના Next Futureનો સાર - સાભાર)

## નૂતન પ્રયોગ


સમજૂતી : કમલેશ માંડવિયા

અભાનરીતે આપણામાં ઊઠતી પ્રતિક્રિયાઓ આપણે જાણીએ છીએ. કોઈ ગંદકી ભરેલી કચરા ટોપલી પાસેથી નીકળીએ ત્યારે બહુ જ સ્વાભાવિક રીતે જ આપણે કાં તો શ્વાસ લેવાનો બંધ કરીએ છીએ. આવી દુર્ગંધને આપણે નકારીએ છીએ. આપણા હાથની વાત હોય તો કચરા ટોપલીને આપણે ક્યાંય દૂરને દૂર મૂકી આવીએ ! આ આપણી અભાન પ્રતિક્રિયાઓ હોય છે.

સંતો કહે છે સાક્ષીરૂપ બની બધું જ જોવું, પરિસ્થિતિઓથી ઉપર ઊઠવું. આધ્યાત્મિક જીવનમાં પ્રથમ પગલાંરૂપે આપણા વિચારો-ભાવનાઓ-કાર્યોને અંકુશમાં રાખવા. પરંતુ આ શક્ય છે ? આ વિચિત્ર લાગતી વસ્તુઓ કઈ રીતે બની આવે ?

પરંતુ આ ઘડીએ આપણે નક્કી કરીએ કે મારામાંનાં અભાન વિચારો જે સાવ નક્કામા છે અથવા તો મારામાં અનેક પ્રકારની નકારાત્મક ભાવનાઓ પેદા કરે છે તેને ગંદકીથી ભરેલો કચરો જ સમજવો. આવી પરિસ્થિતિમાં આપણે શું કરીશું ? આવા નકામા ગંદકીભર્યા કચરાનો તાત્કાલિક આપણામાંથી નિકાલ જ કરીશું ને !

ચાલો, આ નૂતન પ્રયોગ આ નૂતન વર્ષે આરંભીએ !



# શ્રી અરવિંદ

Orphaned and driven out to seek a home,
An errant marvel with no place to live,
Into a far-off nook of heaven there came
A slow miraculous gesture's dim appeal

Savitri B-1, C-1, P-3

## આશરાની શોધ

ભાવાનુવાદ

અનાથ, નિરાશ્રિત ભ્રમણ કરે, ન રહેઠાણ કે ઠરીઠામ,
પણ સ્વર્ગના એ સુદૂર ખૂણેથી, આવે નબળી રાવ,
હરકત રૂપે કૌતુક સર્જે, એ આશાનો પ્રભાવ,
જાણે એ કો ભમતું કૌતુક, શોધે આસરો ક્યાંય.

## મહાન ખેવૈયો

પ્રાણત્યાગ પછી સૂક્ષ્મ શરીર, વિઘટિત થતું જાય,
વાસનાની ગ્રંથી બધી, અવરોધ બને મહાકાય,
તેને વૈતરણી નદી કહે, ગરુડ પુરાણે વિચાર,
બધાં તત્ત્વો છૂટા કરે, ને વિશ્વતત્ત્વે પ્રવેશ,
તત્ત્વોનું વિતરણ કરે, એ છે શાસ્ત્ર સુબોધ,
માતાજી રક્ષણ કરે, આ વિઘટન પ્રક્રિયા દરમિયાન,
વાસનાગ્રંથી ઓગાળીને, પ્રક્રિયા કરે આસાન,
પ્રાણ-સાગરે ફૂંકાતાં રહે, આવા ભીષણ તુફાન,
પણ બાળનું રક્ષણ કરે, માતાજી ખેવૈયો મહાન,
જીવની ગતિને સુખમય કરે, એ છે સાચું વિધાન.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો
www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**